સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK **12** (20/03/22 to 26/03/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



PSI/ASI તથા કોન્સ્ટેબલ

## કાયદો


MCQ BOOSTER

ઝડપી તૈયારી માટે કાયદાનો પરીક્ષાલક્ષી પ્રશ્નસંગ્રહ

વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે **1300+** હેતુલક્ષી પ્રશ્નોના જવાબ સહિત [MCQ]

Latest 2022

- IPC,CrPC અને Evidence Actના તમામ ટોપિકના પ્રશ્ન–જવાબ (MCQ)
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની તૈયારી માટે
- પરીક્ષા પહેલા રીવિઝન તથા પ્રેક્ટિસ માટે અત્યંત ઉપયોગી પ્રશ્ન–જવાબ (MCQ)
- આ પ્રશ્નસંગ્રહમાં મહત્ત્વની કલમો, જોગવાઈઓ, ઉદાહરણો વગેરેની રજૂઆત તદ્દન સરળ અને સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.
- આ MCQ પ્રશ્નસંગ્રહ ICEના નિષ્ણાત લેખકો દ્વારા PSI-ASI અને કોન્સ્ટેબલની અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નોના ગહન અભ્યાસ બાદ તૈયાર કરવામાં આવ્યો છે.
- ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ અત્યાર સુધીના તમામ લેટેસ્ટ કાયદાકીય સુધારાઓને આવરી લેતું કાયદાનું પુસ્તક. (MCQ)




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**20 MAR-2022**

- દિવસ મહિમા : 20 માર્ચ, આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ, વિશ્વ ચકલી દિવસ ........ 02
- પોલેન્ડના સુશ્રી કેરોલિન બિલાવ્સ્કાએ 'મિસ વર્લ્ડ 2021'નો ખિતાબ જીત્યો ........ 03
- QUESTION ANSWERS ........ 04

**21 MAR-2022**

- દિવસ મહિમા : 21 માર્ચ, આંતરરાષ્ટ્રીય વન દિવસ, વિશ્વ કવિતા દિવસ, આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ, વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ, આંતરરાષ્ટ્રીય કલર દિવસ ........ 05
- પાંચ રાજ્યોમાં નવા મુખ્યમંત્રીશ્રીના શપથ ........ 06
- મેડાગાસ્કરમાં 'મહાત્મા ગાંધી ગ્રીન ટ્રાયેન્ગલ'નું ઉદ્‌ઘાટન ........ 11
- BBNL અને BSNL મર્જ કરવામાં આવશે ........ 11
- QUESTION ANSWERS ........ 12

**22 MAR-2022**

- દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day) ........ 14
- યૌન અપરાધથી બાળકોનું રક્ષણ ........ 14
- નાગાલેન્ડ વિધાનસભા ભારતની પ્રથમ પેપરલેસ વિધાનસભા બની ........ 15
- LAMITIYE-2022 અભ્યાસ ........ 16
- ભારતના બંધારણનું ઓલ ચીકી લિપિ (Ol Chiki Script)માં ભાષાંતર ........ 17
- ભારતીય મૂળના શ્રી આશિષ ઝા 'વ્હાઈટ હાઉસ કોવિડ-19 રિસ્પોન્સ કોઓર્ડિનેટર' બન્યા ........ 18
- QUESTION ANSWERS ........ 19

**23 MAR-2022**

- દિવસ મહિમા : 23 માર્ચ, શહીદ દિવસ, વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ ........ 20
- હૈદરાબાદમાં 'વિંગ્સ ઈન્ડિયા 2022'નું આયોજન કરવામાં આવ્યું ........ 20
- ભારતીય સેના અને મહારાષ્ટ્ર પોલીસે 'સુરક્ષા કવચ 2' અભ્યાસનું આયોજન કર્યું ........ 21
- INS શિવાજીને મરીન એન્જિનિયરિંગ ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) તરીકે માન્યતા ........ 21
- QUESTION ANSWERS ........ 24

**24 MAR-2022**

- દિવસ મહિમા : 24 માર્ચ, વિશ્વ ક્ષય (ટી.બી.) દિન, International Day for Achievers ........ 25
- ભારતમાં ભગવાન બુદ્ધની શયન મુદ્રામાં સૌથી મોટી પ્રતિમા બોધ ગયામાં બનાવવામાં આવી રહી છે ........ 25
- લશ્કરી કવાયત-DUSTLIK : ભારત-ઉઝબેકિસ્તાન ........ 26
- World Air Quality Report 2021માં વિશ્વના સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતનું ભિવાડી પ્રથમ ........ 27
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોલકાતા બિપ્લોબી ભારત ગેલેરીનું ઉદ્‌ઘાટન કર્યું ........ 29
- QUESTION ANSWERS ........ 30

**25 MAR-2022**

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી 'નમો વડ વન' સ્થાપનાનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો ........ 31
- સુજલામ 2.0 અભિયાન (Sujalam 2.0 Campaign) ........ 31
- શ્રી ડેનિસ પાર્નેલ સુલિવાને 2022 એબેલ પુરસ્કાર જીત્યો ........ 32
- FIFA World Cup 2022 સ્પોન્સર : BYJU'S ........ 33
- QUESTION ANSWERS ........ 34

**26 MAR-2022**

- ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે પ્રસિદ્ધ ગેરનો મેળો યોજાયો ........ 35
- ડાંગદરબાર ........ 35
- Export Preparedness Index-2021 : નીતિ આયોગ ........ 36
- 5 ઓક્ટોબરે 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ'ની ઉજવણી કરવામાં આવશે ........ 37
- રિઝર્વ બેંક ઈનોવેશન હબ (RBIH) ........ 37
- QUESTION ANSWERS ........ 38

**ONE LINER** ........ 39

**QUESTION OF THIS WEEK** ........ 45


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 20 માર્ચ, (1) આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ
(International Happiness Day)
(2) વિશ્વ ચકલી દિવસ
(World Sparrow Day)

## આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ




સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય ખુશી અથવા તો પ્રસન્નતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ **2012**માં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ **2013**થી દર વર્ષે 20 માર્ચના રોજ **International Happiness Day**ની ઉજવણી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ'ની થીમ **'Keep Calm, Stay wise and Be kind'** છે.

## વિશ્વ ચકલી દિવસ



ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સની 'ઈકો–સીઝ એક્શન ફાઉન્ડેશન' અને વિશ્વના અન્ય સંગઠનો સાથે મળીને ભારતની 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.
- આ અંતર્ગત સૌપ્રથમ વર્ષ **2010**માં પ્રથમ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારતમાં ચકલીના સંરક્ષણ માટે નાસિકના નિવાસી શ્રી મોહમ્મદ દિલાવર નામના વ્યક્તિએ 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'ની સ્થાપના કરી હતી.
- પર્યાવરણના સંરક્ષણ માટે 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા **20 માર્ચ, 2011**થી ગુજરાતના અમદાવાદ ખાતેથી 'ચકલી એવોર્ડ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## વિશ્વ ચકલી દિવસ 2022ની થીમ

વર્ષ 2022ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ **I LOVE Sparrows'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પોલેન્ડના સુશ્રી કેરોલિન બિલાવ્સ્કાએ 'મિસ વર્લ્ડ 2021'નો ખિતાબ જીત્યો




મિસ પોલેન્ડ સુશ્રી કેરોલિન બિલાવ્સ્કાએ તાજેતરમાં પ્રસિદ્ધ 'મિસ વર્લ્ડ 2021'નો ખિતાબ જીત્યો છે.

- મિસ વર્લ્ડની આ 70મી સ્પર્ધા હતી.
- મિસ વર્લ્ડ 2019 સુશ્રી ટોની–એન સિંહે સુશ્રી કેરોલિન બિલાવ્સ્કાને મિસ વર્લ્ડનો તાજ પહેરાવ્યો હતો.
- આ ઈવેન્ટ સાન જુઆન, પ્યુર્ટોરિકોના કોકો–કોલા મ્યુઝિક હોલમાં યોજાઈ હતી.
- નોંધનીય છે કે ગયા વર્ષે ડિસેમ્બર મહિનાની આ ફાઈનલ ઈવેન્ટ કોરોના મહામારીના કારણે મોકૂફ રાખવામાં આવી હતી.
- આ ઈવેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહેલા સુશ્રી માનસા વારાણસી ટોપ-13માં પ્રવેશ કરવામાં સફળ રહ્યા હતા.

## મિસ વર્લ્ડ

'મિસ વર્લ્ડ' સ્પર્ધા એ વિશ્વની સૌથી જૂની રનિંગ સૌંદર્ય સ્પર્ધા છે.

- શ્રી એરિક મોર્લીએ 1951માં આ સ્પર્ધાનો પ્રારંભ કર્યો હતો.
- 1951માં સૌપ્રથમ સ્વીડનની સુશ્રી કિકી હાકનસને આ સ્પર્ધા જીતી હતી.
- મિસ વર્લ્ડ સ્પર્ધાનો Motto અથવા તો આદર્શ વાક્ય 'Beauty with a Purpose' છે.
- અત્યાર સુધીમાં 6 ભારતીય યુવતીઓએ આ ટાઈટલ જીત્યું છે.

### મિસ વર્લ્ડ વિજેતા ભારતીય યુવતીઓ

| ક્રમ | વર્ષ | નામ |
|---|---|---|
| 1 | 1966 | સુશ્રી રીટા ફારિયા પોવેલ |
| 2 | 1994 | સુશ્રી એશ્વર્યા રાય |
| 3 | 1997 | સુશ્રી ડાયના હેડન |
| 4 | 1999 | સુશ્રી યુક્તા મુખી |
| 5 | 2000 | સુશ્રી પ્રિયંકા ચોપરા |
| 6 | 2017 | સુશ્રી માનુષી છિલ્લર |

નોંધ : (1) સુશ્રી રીટા ફારિયા મિસ વર્લ્ડ સ્પર્ધા જીતનાર પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન મહિલા છે.

(2) આ ઉપરાંત સુશ્રી રીટા ફારિયા એક Physician (ચિકિત્સક) તરીકે ક્વોલીફાય કરનાર પ્રથમ મિસ વર્લ્ડ છે.

(3) વર્ષ 2021માં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સુશ્રી માનસા વારાણસી તેલંગાણાના હૈદરાબાદના વતની છે.

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ' અથવા તો 'International Happiness Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 માર્ચ (B) 19 માર્ચ
(C) 20 માર્ચ (D) 21 માર્ચ (C)

2. 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. વર્ષ 2013થી આ દિવસ ઉજવાય છે.
2. વર્ષ 2022માં આ દિવસની ઉજવણીની થીમ 'Keep Calm, Stay Wise and Be Kind' છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1 અને 2 બંને (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) એકપણ નહીં (A)

3. 'વિશ્વ ચકલી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 માર્ચ (B) 19 માર્ચ
(C) 20 માર્ચ (D) 21 માર્ચ (C)

4. વર્ષ 2021ની 'વિશ્વ ચકલી દિવસ' થીમ શું છે ?

(A) Save Sparrow (B) I Love Sparrow
(C) Save Sparrow Save bird (D) I Love Sparrow I Love Birds (B)

5. તાજેતરમાં 'મિસ વર્લ્ડ 2021'નો ખિતાબ કોણે જીત્યો છે ?

(A) સુશ્રી કેરોલિન બિલાવ્સ્કા (B) સુશ્રી ટોની એન સિંહ
(C) સુશ્રી યુ વેન્કિસ્યા (D) સુશ્રી કેસોનિયા સુખીનોવા (A)

6. તાજેતરમાં સુશ્રી કેરોલિન બિલાવ્સ્કાએ 'મિસ વર્લ્ડ 2021'નો ખિતાબ જીત્યો છે...તેમના દેશનું નામ જણાવો ?

(A) પોલેન્ડ (B) વેનેઝુએલા
(C) બ્રાઝિલ (D) જમૈકા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 21 માર્ચ,**

(1) આંતરરાષ્ટ્રીય વન દિવસ (International Day of Forest)
(2) વિશ્વ કવિતા દિવસ (World Poetry Day)
(3) આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ
(4) આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ (International Nowruz Day)
(5) વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ (World Down Syndrome Day)
(6) આંતરરાષ્ટ્રીય કલર દિવસ (International Colour Day)

## આંતરરાષ્ટ્રીય વન દિવસ

વન સંરક્ષણ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 28 નવેમ્બર, 2012ના રોજ 21 માર્ચને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 21 માર્ચ 2013ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની થીમ **'Forests and Sustainable Production and Consumption'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ કવિતા દિવસ

વિશ્વભરમાં કવિતાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ 'વિશ્વ કવિતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 1999માં પેરિસ ખાતે યોજાયેલા યુનેસ્કોના 30મા સત્રમાં યુનેસ્કો દ્વારા 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કવિતા ચળવળને નવી માન્યતા અને પ્રોત્સાહન આપવાનો છે.

નોંધ : (1) UNESCOનું પૂરું નામ 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન' છે.
(2) યુનેસ્કોનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

# પાંચ રાજ્યોમાં નવા મુખ્યમંત્રીશ્રીના શપથ

ભારતમાં તાજેતરમાં ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, મણિપુર અને પંજાબમાં વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

- આ પાંચ રાજ્યોમાં રચાયેલી નવી સરકાર વિશેની માહિતી આ પ્રમાણે છે :

## ઉત્તરપ્રદેશ



- ઉત્તરપ્રદેશમાં કુલ 403 બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીને 274 બેઠકો મળી છે.
- જ્યારે સમાજવાદી પાર્ટીને 124 બેઠક, બસપા 2, કોંગ્રેસ 2 અને અન્યને 1 બેઠક મળી હતી.
- ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે શ્રી યોગી આદિત્ય નાથને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે. તેમણે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે બીજી વખત શપથ લીધા છે.
- શ્રી યોગી આદિત્યનાથની આ બીજા કાર્યકાળની સરકારમાં કુલ 52 મંત્રીઓને સ્થાન આપવામાં આવ્યું છે.
- જેમાં શ્રી કેશવપ્રસાદ શર્મા અને શ્રી બ્રિજેશ પાઠકને ડેપ્યુટી સી.એમ. બનાવવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

## ઉત્તરાખંડ



- ઉત્તરાખંડમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઉત્તરાખંડના સત્તાધારી મુખ્યમંત્રી શ્રી પુષ્કરસિંહ ધામીનો વિજય થયો છે.
- તેઓ બીજી વખત ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- જેમાં ઉત્તરાખંડમાં કુલ 70 બેઠકમાંથી ભારતીય જનતા પાર્ટીને 48 બેઠક મળી છે.
- જ્યારે બસપાને 2, કોંગ્રેસ 18 અને અન્યને 2 બેઠક મળી છે.
- ઉત્તરાખંડના રાજ્યપાલ શ્રી ગુરમિત સિંહે શ્રી પુષ્કરસિંહ ધામીને ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.

## મણિપુર



- મણિપુરમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળી છે.
- મણિપુરમાં ભારતીય જનતા પાર્ટીની બહુમતી વાળી સરકારના મુખ્યમંત્રી તરીકે શ્રી એન. બિરેન સિંહે શપથ લીધા છે.
- શ્રી એન. બિરેન સિંહને મણિપુર રાજ્યના રાજ્યપાલ શ્રી લા ગણેશને આ શપથ અપાવ્યા છે.
- નોંધનીય છે કે શ્રી એન બિરેન સિંહ 15 માર્ચ, 2017થી મણિપુરના મુખ્યમંત્રી છે.
- મણિપુરમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં કુલ 60 બેઠકમાંથી ભારતીય જનતા પાર્ટીને 32 બેઠક મળી છે.
- જ્યારે NPPને 7, કોંગ્રેસ 5 અને અન્યને 16 બેઠક મળી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગોવા



- તાજેતરમાં ગોવામાં યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને 20 બેઠક, કોંગ્રેસ 12, આપ 3, TMC 2 અને અન્યને 3 બેઠક મળી છે.
- ગોવામાં કુલ 40 બેઠકો છે. જેમા બહુમતી માટે કુલ 21 બેઠકની જરૂર હતી.
- જેમાં ભારતીય જનતા પાર્ટીને અન્ય ધારાસભ્યનું સમર્થન મળતા તેમણે સરકાર બનાવી છે.
- કારણ કે ભારતીય જનતા પાર્ટીને 20 બેઠક મળી હતી. અને બહુમતી માટે ફક્ત 1 સીટની જરૂર પડી હતી.
- આથી ગોવાના મુખ્યમંત્રી તરીકે શ્રી પ્રમોદ સાવંતે શપથ ગ્રહણ કર્યા છે.
- ગોવાના રાજ્યપાલ શ્રી પી.એસ. શ્રીધરન પિલ્લાઈએ શ્રી પ્રમોદ સાવંતને ગોવાના મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.

## પંજાબ



- પંજાબમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને પંજાબમાં સૌપ્રથમ વખત બહુમતી મળી છે.
- પંજાબમાં આમ આદમી પાર્ટીની સ્પષ્ટ બહુમતી વાળી સરકારના પ્રથમ મુખ્યમંત્રી તરીકે શ્રી ભગવંત માનએ શપથ લીધા છે.
- પંજાબના રાજ્યપાલ શ્રી બનવારીલાલ પુરોહિતે શ્રી ભગવંત માનને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.
- તેઓ પંજાબના 17માં મુખ્યમંત્રી બન્યા છે.
- નોંધનીય છે કે આ અગાઉ શ્રી ભગવંત માન સંગરૂરથી લોકસભાના સંસદ હતા.
- પંજાબમાં તાજેતરમાં યોજાયેલી આ ચૂંટણીમાં કુલ 117 બેઠકોમાંથી આમ આદમી પાર્ટીને 92, ભાજપ 2, કોંગ્રેસ 18, અકાલી 4 અને અન્યને 1 બેઠક મળી હતી.

## પાંચ નવા રાજ્યોમાં મુખ્યમંત્રીશ્રીઓ

| ક્રમ | રાજ્ય | નવા મુખ્યમંત્રી | પક્ષ | રાજ્યની કુલ વિધાનસભા બેઠકો |
|---|---|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | શ્રી યોગી આદિત્યનાથ | ભારતીય જનતા પાર્ટી | 403 |
| 2 | ઉત્તરાખંડ | શ્રી પુષ્કરસિંહ ધામી | ભારતીય જનતા પાર્ટી | 70 |
| 3 | મણિપુર | શ્રી એન. બિરેન સિંહ | ભારતીય જનતા પાર્ટી | 60 |
| 4 | ગોવા | શ્રી પ્રમોદ સાવંત | ભારતીય જનતા પાર્ટી | 40 |
| 5 | પંજાબ | શ્રી ભગવંત માન | આમ આદમી પાર્ટી | 117 |

## મુખ્યમંત્રી વિશે બંધારણીય જોગવાઈ

### મુખ્યમંત્રીની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ 164 (1)મા કરેલી જોગવાઈ અનુસાર મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત રાજ્યોના રાજ્યપાલ કરશે અને અન્ય મંત્રીઓની નિમણૂક રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહના આધારે કરે છે.

- મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે. જેનો અર્થ એ નથી કે રાજ્યના કોઈપણ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી શકે. પરંતુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યપાલ બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. અને આ બહુમતિ ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.

- બીજી એ પણ શક્યતા છે કે જો કોઈ પક્ષને વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ન મળે તો જોડાણ (ગઠબંધન) દ્વારા બનેલા પક્ષોમાંથી સૌથી મોટા પક્ષને રાજ્યપાલ સરકાર બનાવવા આમંત્રિત કરે છે અને ગઠબંધનના પક્ષો દ્વારા નક્કી કરેલ વ્યક્તિની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- આ ઉપરાંત બંધારણના અનુચ્છેદ 164 (4)માં જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ ગૃહના (વિધાનસભા કે વિધાન પરિષદ) સભ્ય ન હોય તો તેને મુખ્યમંત્રી બનાવી શકાય છે. પરંતુ આવી વ્યક્તિએ વધુમાં વધુ 6 મહિનામાં કોઈપણ ગૃહનું સભ્યપદ મેળવવું અનિવાર્ય છે અન્યથા 6 મહિના બાદ મુખ્યમંત્રી પદ પર રહી નહિ શકે.

## શપથ (અનુચ્છેદ- 164 (3))

- ચૂંટણી બાદ કાર્યભાર સંભાળતા મુખ્યમંત્રીએ રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના શપથ ગ્રહણ કરવાના હોય છે.


## મુખ્યમંત્રીનો કાર્યકાળ

- મુખ્યમંત્રીનો કાર્યકાળ વિધાનસભાના કાર્યકાળ જેટલો હોય છે. વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષનો છે આથી મુખ્યમંત્રીનો કાર્યકાળ પણ વધુમાં વધુ 5 વર્ષનો હોઈ શકે.
- ટૂંકમાં મુખ્યમંત્રીનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી જ્યાં સુધી વિધાનસભા ગૃહમાં બહુમતી હોય ત્યાં સુધી મુખ્યમંત્રી પોતાના પદ પર રહે છે પરંતુ જો વિધાનસભામાં બહુમતી પ્રાપ્ત ન થાય તો રાજ્યપાલ સમક્ષ રાજીનામું આપવું જરૂરી છે. જો મુખ્યમંત્રી રાજીનામુ આપવા તૈયાર ન થાય તો રાજ્યપાલ તેમને પદ પરથી બરખાસ્ત કરી શકે છે.

## વેતન અને ભથ્થા

- મુખ્યમંત્રીના વેતન ઉપરાંત અન્ય ભથ્થા રાજ્ય વિધાનમંડળ કાયદા દ્વારા સમય–સમય પર નક્કી કરે તે પ્રમાણે આપવામાં આવે છે.
- આવા વેતન અને ભથ્થા રાજ્યની સંચિત નિધિ પરનો ભારિત ખર્ચ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## રાજ્ય મંત્રીપરિષદ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 163 (1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ રહેશે.

- જ્યારે બંધારણના અનુચ્છેદ 164 (1)માં એવી જોગવાઈ કરવામા આવી છે કે રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી મંત્રીઓની નિમણૂક કરશે.
- રાજ્યની મંત્રીપરિષદમાં કેન્દ્રીય મંત્રીપરિષદ જેવી જ વ્યવસ્થા હોય છે અને મંત્રીઓને કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી તેમજ ઉપમંત્રી અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે છે.

### મંત્રી બનવાની લાયકાત

- મંત્રીપદ માટે કોઈ વિશેષ જોગવાઈઓ નથી પરંતુ અનુચ્છેદ– 164 (4)માં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ :

  (a) વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ એક ગૃહ વિધાનસભા કે વિધાન પરિષદનો સભ્ય હોવો જોઈએ.

  (b) જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈ ગૃહનો સભ્ય ન હોય તો તે વધુમાં વધુ 6 મહિના સુધી મંત્રી પદ પર રહી શકે છે જેનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ 6-6 મહિના એમ કરીને ગૃહનો સભ્ય ન બને ત્યાં સુધી પ્રયત્ન કરી શકે આથી અહીં વધુમાં વધુ 6 મહિના શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

### શપથ

- મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેમણે બંધારણની અનુસૂચિ 3માં આપેલા નમૂના અનુસાર રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના અને ગુપ્તાના શપથ લેવાના હોય છે.

### મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા

- બંધારણ સભા દ્વારા મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા અંગે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નહોતી. પરંતુ બાદમાં 91માં 'બંધારણીય સુધારા અધિનિયમ, 2003' દ્વારા બંધારણના અનુચ્છેદ 164 (1) (a) અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના 15% થી વધારે ન હોવી જોઈએ અને મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા 12 થી ઓછી ન હોવી જોઈએ.

**નોંધ :** રાજ્ય વિધાનમંડળના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાજ્યપાલને જવાબદાર છે તથા સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેડાગાસ્કરમાં 'મહાત્મા ગાંધી ગ્રીન ટ્રાયેન્ગલ'નું ઉદ્દઘાટન

તાજેતરમાં મેડાગાસ્કરની રાજધાની એન્ટાનાનારીવોમાં મહાત્મા ગાંધીજીના નામ પરથી 'ગ્રીન ટ્રાયેન્ગલ'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

- ભારતની આઝાદીના 75મા વર્ષની સ્મૃતિમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે આ ગ્રીન ટ્રાયેન્ગલનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
- એક સમારોહમાં એન્ટાનાનારીવોના મેયર નૈના એન્ડ્રી આન્તોહોના અને મેડાગાસ્કરમાં ભારતના રાજદૂત શ્રી અભય કુમાર દ્વારા સંયુક્ત રીતે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
- આ ટ્રાયન્ગલ અથવા ત્રિકોણમાં ગ્રીન/લીલો શબ્દ ટકાઉ વિકાસ અને પર્યાવરણ બચાવવા માટેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## BBNL અને BSNL મર્જ કરવામાં આવશે

ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ (BBNL) અને ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL)નું મર્જર તાજેતરમાં પૂર્ણ થશે.

- BBNL અને BSNLને મર્જ કરવાનો નિર્ણય સરકાર દ્વારા પહેલેથી જ લેવામાં આવ્યો હતો અને આ પ્રક્રિયા 31 માર્ચ પહેલાં પૂર્ણ કરવાની હતી.
- સરકાર લગભગ રૂ. 1.6 લાખ કરોડની મૂડી નાખવાની યોજના ધરાવે છે, જેમાંથી રૂ. 36,260 કરોડ આગામી ત્રણ વર્ષમાં BSNL માટે રોકડ સહાય તરીકે હશે.
- 31 જાન્યુઆરીના રોજ BSNL/MTNL પર રૂ. 59,588 કરોડનું સંયુક્ત દેવુ હતું.
- આ સંસ્થાઓની AGR (એડજેસ્ટેડ ગ્રોસ રેવન્યુ) બાકી (સ્પેક્ટ્રમ વપરાશ ફી અને લાઈસન્સ ફી) હાલમાં રૂ. 43,148 કરોડ છે.
- BSNL અને MTNL બંને માટે સરકાર AGR લેણાંને ઈક્વિટીમાં રૂપાંતરિત કરવાનું વિચારી રહી છે.
- જો BBNL અને BSNL મર્જ થાય તો BSNLના 8,60,000 KM ઓપ્ટિક ફાઈબરને BBNLના 5,60,000 KM સાથે જોડીને 1.42 મિલિયન કિ.મી.નું એકીકૃત ફાઈબર નેટવર્ક રચી શકાય છે.
- સમગ્ર દેશમાં BSNLની વિશાળ બજાર હાજરી સાથે મળીને તે ગ્રામીણ વિસ્તારોમાં છેલ્લા માઈલની કનેક્ટિવિટી પૂરી પાડી શકે છે.

નોંધ : (1) BBNL એ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) છે, જે સંચાર મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.

(2) વર્ષ 2012માં જાહેર ક્ષેત્રના એકમ તરીકે સ્થાપના કરવામાં આવી હતી.

(3) ભારત નેટ પ્રોજેક્ટના અમલીકરણનું કાર્ય, જે અત્યાર સુધી નેશનલ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક (NOFN) તરીકે ઓળખાતું હતું, તે આ સંસ્થાને સોંપવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ કવિતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

2. 'આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

3. 'આંતરરાષ્ટ્રીય નૌરાઝ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

4. 'વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

5. 'વિશ્વ કલર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

6. 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

7. વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની થીમ શું છે ?

(A) Forest and Sustainable Production and Consumption

(B) Forests and World Animal

(C) Forests and World Pollution

(D) Forests and World Environment (A)

8. તાજેતરમાં ભારતના અમુક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું. આ રાજ્યોમાં રચાયેલી સરકારના મુખ્યમંત્રી સંદર્ભે કઈ બાબત સાચી રીતે જોડાયેલી નથી ?

(A) ઉત્તરપ્રદેશ : શ્રી યોગી આદિત્યનાથ

(B) ઉત્તરાખંડ : શ્રી પુષ્કરસિંહ ધામી

(C) મણિપુર : શ્રી એન બિરેન સિંહ

(D) ગોવા : શ્રી લક્ષ્મીકાંત પારસેકર (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9.** ગોવા રાજ્યના નવા મુખ્યમંત્રીશ્રીનું નામ જણાવો ?

(A) શ્રી મનોહર પરિકર (B) શ્રી પ્રમોદ સાવંત

(C) શ્રી દિગંબર કામત (D) શ્રી પ્રતાપસિંહ રાણા **(B)**

**10.** પંજાબ રાજ્યના નવા મુખ્યમંત્રીશ્રીનું નામ જણાવો ?

(A) શ્રી ભગવંત માન (B) શ્રી ચરણજીત સિંહ ચન્ની

(C) શ્રી અમરિન્દર સિંહ (D) શ્રી પ્રકાશસિંહ બાદલ **(A)**

**11.** પંજાબ રાજ્યના નવા મુખ્યમંત્રી શ્રી ભગવંત માન કયા પક્ષ સાથે જોડાયેલા છે ?

(A) આમ આદમી પાર્ટી (B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

(C) શિરોમણી અકાલી દળ (D) પંજાબ જનતા પાર્ટી **(A)**

**12.** રાજ્યો અને તેની વિધાનસભાની કુલ બેઠકોની જોડીમાં નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?

(A) ઉત્તરપ્રદેશ = 403 (B) ઉત્તરાખંડ = 70 (C) મણિપુર = 40 (D) પંજાબ = 117 **(C)**

**13.** તાજેતરમાં............ની રાજધાની એન્ટાનાનારીવોમાં મહાત્મા ગાંધીજીના નામ પરથી 'ગ્રીન ટ્રાયેન્ગલ'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

(A) બ્રાઝિલ (B) મેડાગાસ્કર (C) ઈન્ડોનેશિયા (D) મોરેશિયસ **(B)**

**14.** તાજેતરમાં BBNL અને BSNLને મર્જ કરવાનું કામ પૂર્ણ થશે. આ BBNL સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. BBNLનું પૂર્ણ નામ 'ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ છે.
2. તે સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) છે, જે સંચાર મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.
3. વર્ષ 2012માં જાહેરક્ષેત્રના એકમ તરીકે સ્થાપના કરવામાં આવી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day)




સમગ્ર વિશ્વમાં શુદ્ધ પાણીના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ શુદ્ધ પાણીના સંસાધનોના શ્રેષ્ઠ મેનેજમેન્ટનો પણ છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા સૌપ્રથમ વખત 22 માર્ચ, 1993ના રોજ પ્રથમ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2022ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ 'Groundwater : Making the invisible visible' (ભૂગર્ભજળ : અદશ્યને દશ્યમાન બનાવવું) છે.

નોંધ : સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડિસેમ્બર 1992માં દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ' ઉજવવાની સ્વીકૃતિ આપવામાં આવી હતી.

## યૌન અપરાધથી બાળકોનું રક્ષણ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટની બે ન્યાયાધીશોની બેન્ચે યૌન અપરાધથી બાળકોના રક્ષણ અંગે ચુકાદો આપ્યો છે કે શું ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ 155(2), POCSO Act, 2012ની કલમ 23 હેઠળના ગુનાની તપાસ માટે લાગુ પડશે.

- CrPCની કલમ 155(2) મુજબ પોલીસ અધિકારી મેજિસ્ટ્રેટના આદેશ વિના બિન–કોગ્નિઝેબલ ગુનાની તપાસ કરી શકતા નથી.
- POCSOની કલમ 23 જાતિય અપરાધ પીડિતાની ઓળખ જાહેર કરવાના ગુના સાથે કામ કરે છે.
- એક ન્યાયાધીશે જણાવ્યું કે જાતિય ગુનાનો ભોગ બનેલા અથવા કાયદાનું ઉલ્લંઘન કરનાર બાળકની ઓળખ જાહેર કરવી એ બાળકના સન્માનના અધિકાર, શરમ ન અનુભવવાના અધિકારનું મૂળભૂત ઉલ્લંઘન છે.
- બાળ જાતિય દુર્વ્યવહાર એ બહુ–સ્તરીય સમસ્યા છે જે બાળકોની શારીરિક સલામતી, માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને વર્તણૂકના પાસાઓને નકારાત્મક અસર કરે છે.
- મોબાઈલ અને ડિજિટલ ટેક્નોલોજીએ બાળ શોષણમાં વધુ વધારો કર્યો છે. ઓનલાઈન ચોરી, ઉત્પીડન અને ચાઈલ્ડ પોર્નોગ્રાફી જેવા બાળ શોષણના નવા સ્વરૂપો પણ સામે આવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## POCSO Act, 2012 શું છે ?

બાળકોને જાતિય શોષણથી રક્ષણ આપવા માટે ભારતમાં આ એક્ટ ઘડવામાં આવ્યો હતો.

- POCSO Act, 2012નું પૂરું નામ 'Protection of Children From Sexual Offences Act, 2012' છે.

# નાગાલેન્ડ વિધાનસભા ભારતની પ્રથમ પેપરલેસ વિધાનસભા બની

નાગાલેન્ડ વિધાનસભાએ પેપરલેસ બનવા માટે 'નેશનલ ઈ–વિધાન એપ્લિકેશન' (NeVA) પ્રોગ્રામનો અમલ કરનાર ભારતની પ્રથમ રાજ્ય વિધાનસભા બની છે.

## રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન (NeVA)



નેશનલ ઈ–વિધાન એપ્લિકેશન (NeVA) એ NIC ક્લાઉડ, મેઘરાજ પર તૈનાત એક પ્રકારની વર્ક–ફ્લો સિસ્ટમ છે. જે ગૃહના અધ્યક્ષ અને ગૃહની વિધાનસભા દ્વારા ગૃહની કાર્યવાહીને કાગળ રહિત અથવા પેપરલેસ રીતે ચલાવવામાં મદદ કરે છે.

- NeVA એ સભ્ય–કેન્દ્રિત અને ઉપકરણ તટસ્થ એપ્લિકેશન છે.
- જે સભ્યોને સંપર્ક વિગતો, વ્યવસાય સૂચિ, પ્રક્રિયાના નિયમો, બુલેટિન, સૂચનાઓ, તારાંકિત અથવા અતારાંકિત પ્રશ્નો જેવી સંપૂર્ણ વિગતો દાખલ કરીને વિવિધ કાર્યવાહીને સ્માર્ટ રીતે હેન્ડલ કરવા સક્ષમ બનવા માટે રચાયેલ છે.
- NeVAના ઉપયોગ દ્વારા ડેટા સંગ્રહ માટે વિનંતીઓ અથવા સૂચનાઓ મોકલવાની પ્રક્રિયા સંપૂર્ણપણે દૂર થઈ ગઈ છે.
- ગૃહના સભ્યો પાસે એક સુરક્ષિત પૃષ્ઠ છે જ્યાં તેઓ પ્રશ્નો અને અન્ય સૂચનાઓ સબમીટ કરી શકે છે.
- તે Android અને ios બંને પર ઉપલબ્ધ છે.
- NeVAના અમલીકરણ માટે ખર્ચનું ભંડોળ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા 90 : 10 વહેંચણીના ધોરણે કરવામાં આવે છે.

## ઉદ્દેશ

- આ એપ્લિકેશનનો મુખ્ય ઉદ્દેશ દેશની વિધાનસભાઓને એક મંચ પર લાવવાનો છે.

નોંધ : (1) ઈ–એસેમ્બલી અથવા પેપરલેસ એસેમ્બલી એ એક સંકલ્પના છે. જેમાં એસેમ્બલી કાર્યને સરળ બનાવવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમોનો સમાવેશ થાય છે.

(2) ઈ–એસેમ્બલી હેઠળ કાયદો બનાવવાની, માહિતીની આપ–લે, દસ્તાવેજોનું ટ્રેકિંગ અને નિર્ણયોની સમગ્ર પ્રક્રિયા સ્વચાલિત છે.

# LAMITIYE-2022 અભ્યાસ

ભારતીય સેના અને સેશલ્સ ડિફેન્સ ફોર્સિસ (SDF) દ્વારા 'સેશલ્સ ડિફેન્સ એકેડેમી' (SDA) ખાતે 22 માર્ચથી 31 માર્ચ 2022 દરમિયાન 9મી સંયુક્ત લશ્કરી કવાયત અથવા અભ્યાસ LAMITIYE-2022નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ કવાયતમાં ભારતીય સેના અને સેશલ્સ ડિફેન્સ ફોર્સિસ (SDF)ની પાયદળ પ્લાટુનએ ભાગ લીધો હતો.
- આ કવાયત અથવા અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ અર્ધ–શહેરી વાતાવરણમાં પ્રતિકૂળ દળો સામેની વિવિધ કામગીરી દરમિયાન સંયુક્ત કામગીરી હાથ ધરવા અને અનુભવો શેર કરવાની ક્ષમતા વધારવાનો છે.
- ભારતીય સેનાની ટુકડીમાં 2/3 ગોરખા રાઈફલ્સ ગ્રુપ (પીરકાંઠી બટાલિયન)ના સૈનિકોનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આ અભ્યાસનું મહત્વ


વર્ષ 2001થી સેશેલ્સ LAMITIYE અભ્યાસનું આયોજન કરે છે.

- તે દ્વિવાર્ષિક તાલીમ અભ્યાસ છે.
- વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં વધતી જતી સુરક્ષા ચિંતાઓના સંદર્ભમાં બંને દેશો દ્વારા સામનો કરવામાં આવતા સુરક્ષા પડકારોના સંદર્ભમાં LAMITIYE અભ્યાસ મહત્વપૂર્ણ બની રહેશે.
- LAMITIYE (લામિતિયે)નો અર્થ ક્રેઓલ ભાષામાં મિત્રતા થાય છે.

નોંધ : (1) સેશેલ્સ એ પશ્ચિમ હિંદ મહાસાગરમાં આવેલો એક દ્વીપસમૂહ છે, જેમાં લગભગ 115 ટાપુઓનો સમાવેશ થાય છે.

(2) તેની રાજધાની અને સૌથી મોટું શહેર વિક્ટોરિયા છે.

# ભારતના બંધારણનું ઓલ ચીકી લિપિ (Ol Chiki Script)માં ભાષાંતર




ભારતના બંધારણનો પ્રથમ વખત 'ઓલ ચીકી લિપિ' અથવા 'Ol Chiki Script'માં અનુવાદ કરવામાં આવ્યો છે.

## ઓલ ચીકી લિપિ

ઓલ ચીકી લિપિ જેને **Ol chemet, Ol Ciki, Ol** અને ક્યારેક સંથાલી મૂળાક્ષરો તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તેમાં **30** અક્ષરો છે, જેના સ્વરૂપો કુદરતી આકારોને ઉત્તેજીત કરવાના હેતુથી છે.
- આ લિપિ ડાબેથી જમણે લખેલી છે.
- ઓલ ચીકી લિપિ **1925**માં પંડિત રઘુનાથ મુર્મુ દ્વારા સંથાલી ભાષા માટે બનાવવામાં આવી હતી.
- અને વર્ષ **1939**માં મયુરભંજ રાજ્ય પ્રદર્શનમાં પ્રથમ વખત તેનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

નોંધ : (1) મયુરભંજ રાજ્ય એ બ્રિટિશ રાજના સમયગાળા દરમિયાન ભારતના રજવાડામાંનું એક હતું.

(2) તે ઈસ્ટર્ન સ્ટેટ્સ એજન્સીના સૌથી મોટા રાજ્યોમાંનું એક હતું અને બંગાળ સ્ટેટ્સ એજન્સીના ત્રણ રાજ્યોમાંનું એક હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંથાલી

વર્ષ **2003**માં **92**મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા સંથાલીને ભારતીય બંધારણની આઠમી અનુસૂચિમાં બોડો, ડોગરી અને મૈથિલી ભાષાઓ સાથે ભારતની સત્તાવાર ભાષા તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે.

- વર્ષ **2011**ની વસતી ગણતરી અનુસાર ભારતમાં **70** લાખથી વધુ સંથાલી ભાષી લોકો છે.
- સંથાલોની સૌથી વધુ વસતી ભારતના ઝારખંડ રાજ્યમાં સૌથી મોટી અનુસૂચિત જનજાતિ તરીકે જોવા મળે છે.
- ઉપરાંત તેમની વસતી આસામ, ત્રિપુરા, બિહાર, છત્તીસગઢ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જોવા મળે છે.
- ભારત ઉપરાંત બાંગ્લાદેશ, ભૂટાન અને નેપાળમાં પણ સંથાલી ભાષા બોલાય છે.

## ભારતીય મૂળના શ્રી આશિષ ઝા ‘વ્હાઈટ હાઉસ કોવિડ-19 રિસ્પોન્સ કોઓર્ડિનેટર’ બન્યા

તાજેતરમાં અમેરિકામાં રહેતા ભારતીય મૂળના ચિકિત્સક શ્રી આશિષ ઝાને નવા ‘વ્હાઈટ હાઉસ કોવિડ-19 રિસ્પોન્સ કોઓર્ડિનેટર’ **(White House Covid-19 Response Coordinator)** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ જેફ ઝિન્ટ્સનું સ્થાન લેશે.
- શ્રી આશિષ ઝા યુએસમાં અગ્રણી આરોગ્ય નિષ્ણાત છે અને બ્રાઉન યુનિવર્સિટીની સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના ડીન છે.
- તેમણે ઈબોલા વાયરસ પર કામ કર્યુ છે અને **2014**માં પશ્ચિમ આફ્રિકામાં રોગના પ્રકોપનો સામનો કરવા માટેની પેનલના સહ–અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.
- શ્રી આશિષ ઝાનો જન્મ વર્ષ **1970**માં બિહાર રાજ્યમાં થયો હતો.
- તેઓ વર્ષ **1979**માં કેનેડા અને ત્યારબાદ અમેરિકામાં સ્થાયી થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઇતિહાસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઇતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઇતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

1. 'વિશ્વ જળ દિવસ' (World Water Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ (C)

2. વર્ષ 2022ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ શું છે ?
(A) Why Waste Water ?
(B) Groundwater : making the invisible Visible
(C) Water and Climat Change
(D) Water and Energy (B)

3. તાજેતરમાં સુપ્રીમ કોર્ટની બે ન્યાયાધીશોની બેન્ચે યૌન અપરાધથી બાળકોના રક્ષણ અંગે ચુકાદો આપતા જણાવ્યું છે કે શું CrPCની કલમ......, POCSO Act 2012ની કલમ 23 હેઠળના ગુના માટે લાગુ પડશે.
(A) 155(2) (B) 151(2) (C) 402(2) (D) 402(3) (A)

4. POCSOનું પૂરું નામ શું છે ?
(A) Protection of Children From Sexual Offences
(B) Protection for Children from the Sexual Offences
(C) Protection to Children from Sexual Offences
(D) એકપણ નહીં (A)

5. તાજેતરમાં કઈ રાજ્યની વિધાનસભા ભારતની પ્રથમ પેપરલેસ વિધાનસભા બની છે ?
(A) મણિપુર (B) હિમાચલ પ્રદેશ (C) મિઝોરમ (D) નાગાલેન્ડ (D)

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ LAMITIYE-2022 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તે ભારતીય સેના અને સેશેલ્સ ડિફેન્સ ફોર્સિસ વચ્ચે યોજાતી સંયુક્ત લશ્કરી કવાયત છે.
2. માર્ચ 2022માં તેમની 9મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.
3. વર્ષ 2001થી સેશેલ્સ LAMITIYE અભ્યાસનું આયોજન કરે છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3 (D)

7. તાજેતરમાં ભારતના બંધારણનો પ્રથમ વખત 'ઓલ ચીકી લિપિ'માં અનુવાદ કર્યો છે. આ લિપિ કઈ ભાષા સાથે સંકળાયેલ છે ?
(A) સંથાલી (B) બંગાળી (C) નેપાળી (D) ભોજપુરી (A)

8. તાજેતરમાં ભારતીય મૂળના કઈ વ્યક્તિ 'વ્હાઈટ હાઉસ કોવિડ-19 રિસ્પોન્સ કોઓર્ડિનેટર' બન્યા છે ?
(A) શ્રી આશિષ શેટ્ટી (B) શ્રી આશિષ ઝા
(C) શ્રી આશિષ શાહ (D) શ્રી આશિષ ભટ્ટ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 23 માર્ચ, (1) શહીદ દિવસ
(2) વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ
(World Meteorological Day)

### શહીદ દિવસ

23 માર્ચ, 1931ના રોજ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરૂને 'લાહોર ષડયંત્ર કેસ'માં ફાંસી આપવામાં આવી હતી.

- આથી, આ વીર શહીદોની યાદમાં ભારતમાં દર વર્ષે 23 માર્ચના રોજ આ શહીદોની પૂણ્યતિથિ અથવા શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

નોંધ : મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ 30 જાન્યુઆરીના દિવસને પણ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

### વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ

World Meterological Organizationની સ્થાપના 23 માર્ચ, 1950ના રોજ થઈ હતી.

- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 23 માર્ચના રોજ 'World Meteorological Day' અથવા તો 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ની 'વિશ્વ મોસમ દિવસ'ની થીમ 'Early Warning and Early Action' (પ્રારંભિક ચેતવણી અને પ્રારંભિક કાર્યવાહી) છે.

નોંધ : (1) World Meteorological Organization એ સંયુક્ત રાષ્ટ્રની એક ખાસ શાખા છે.
(2) તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.
(3) 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ'ને 'વિશ્વ હવામાન દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## હૈદરાબાદમાં 'વિંગ્સ ઈન્ડિયા 2022'નું આયોજન કરવામાં આવ્યું

24 માર્ચથી 27 માર્ચ 2022 સુધી બેગમપેટ એરપોર્ટ, હૈદરાબાદ ખાતે નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA) અને FICCI દ્વારા 'વિંગ્સ ઈન્ડિયા 2022'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- તે એશિયાની સૌથી મોટી ઈવેન્ટ છે. જે સામાન્ય, વાણિજ્યિક અને વ્યાપારી ઉડ્ડયન પર કેન્દ્રિત છે.
- આ ઈવેન્ટ રોકાણ, નવા બિઝનેસ એક્વિઝિશન, પ્રાદેશિક કનેક્ટિવિટી અને પોલિસી મેકિંગ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.
- વિંગ્સ ઈન્ડિયા 2022 દેશના ઉડ્ડયન ક્ષેત્રને વેગ આપવા માટે પણ પ્રયાસો કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે વિક્રેતાઓ, ખરીદદારો, હિતધારકો અને રોકાણકારોને જોડશે.
- આ ઈવેન્ટ નવા વ્યવસાય અને રોકાણની તકો લાવવાનો પણ પ્રયાસ કરશે જે આ ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખો નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે.
- આ ઈવેન્ટની આ વર્ષની થીમ 'India@75 : New Horizon for Aviation Industry' છે.

## ભારતીય સેના અને મહારાષ્ટ્ર પોલીસે 'સુરક્ષા કવચ 2' અભ્યાસનું આયોજન કર્યું

તાજેતરમાં પૂણેના લુલ્લાનગર ખાતે ભારતીય સેનાના અગ્નિબાઝ વિભાગ અને મહારાષ્ટ્ર પોલીસ વચ્ચે 'સુરક્ષા કવચ 2' નામની સંયુક્ત કવાયત હાથ ધરવામાં આવી હતી.

- આ કવાયતમાં ભારતીય સેનાની કાઉન્ટર ટેરરિઝમ ટાસ્ક ફોર્સ (CTTF), મહારાષ્ટ્ર પોલીસની એન્ટી ટેરરિઝમ સ્કવોડ સાથે ડોગ સ્કવોડસ, ક્વિક રિએક્શન ટીમ્સ (QRTs) અને સેના તથા પોલીસની બોમ્બ ડિસ્પોઝલ ટીમોએ ભાગ લીધો હતો.
- લુલ્લાનગરમાં સ્થિત એક બાંધકામ સ્થળ પર વસતીવાળા વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી દર્શાવતી એક કવાયતની સ્થિતિનું અનુકરણ કરવામાં આવ્યું હતું.
- આ કવાયત પુણેમાં કોઈપણ આતંકવાદી હુમલાનો સામનો કરવા માટે પોલીસ અને આર્મી દ્વારા હાથ ધરવામાં આવતી કાર્યવાહી અને કવાયતના સંકલનના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INS શિવાજીને મરીન એન્જિનિયરિંગ ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) તરીકે માન્યતા



તાજેતરમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (MSDE)એ INS શિવાજીને મરીન એન્જિનિયરિંગ ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) તરીકે માન્યતા આપી છે.

- INS શિવાજીને એન્જિનિયરિંગ ક્ષેત્રે 'સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) તરીકેની માન્યતા એ કોઈપણ લશ્કરી સંસ્થા માટે તેના પ્રકારની પ્રથમ ઘટના છે.
- તથા તે INS શિવાજીની કૌશલ્ય અને ટેકનોલોજી વિકાસ માટે સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## INS શિવાજી

INS શિવાજી (INS SHIVAJI) એ મહારાષ્ટ્રના લોનાવાલામાં એક ભારતીય નૌકામથક (Indian Naval Station) છે.

- તેમાં નેવલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી છે, જે ભારતીય નેવી અને કોસ્ટગાર્ડ અધિકારીઓને તાલીમ આપે છે.
- તેની ત્રણ મુખ્ય તાલીમ સંસ્થાઓ છે :

(1) સેન્ટર ઓફ મરીન એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (CMET)

(2) સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન મરીન એન્જિનિયરિંગ

(3) સ્કૂલ ઓફ બેઝિક સાયન્સ

- ન્યુક્લિયર બાયોલોજીકલ કેમિકલ ડિફેન્સ (NBCD)ના તમામ પાસાઓ નૌકાદળના કર્મચારીઓને તાલીમ આપતી ન્યુક્લિયર બાયોલોજીકલ કેમિકલ ડિફેન્સ સ્કૂલ પણ આ સ્ટેશન અથવા મથકમાં આવેલી છે.
- નેવલ સ્ટેશનને ફેબ્રુઆરી, 1945માં HMIS (His Majesty's Indian Ship) શિવાજી તરીકે કાર્યરત કરવામાં આવ્યું હતું.
- INS શિવાજી સેન્ટર ઓફ એક્સેલન્સ (મરીન એન્જિનિયરિંગ)ની સ્થાપના 2014માં વ્યાપક આદેશ સાથે કરવામાં આવી હતી.
- જેમાં શૈક્ષણિક સંસ્થાઓના સહયોગમાં નૌકાદળની એપ્લિકેશનો, ઉચ્ચ પ્રતિષ્ઠા અને ગુણવત્તાયુક્ત સંશોધન માટે વિશિષ્ટ તકનીકોનો સમાવેશ થાય છે.
- તેનો ઉદ્દેશ્ય ભારતીય નૌકાદળ, મૈત્રીપૂર્ણ વિદેશી નૌકાદળ અને સમગ્ર ઈકોસિસ્ટમમાં કર્મચારીઓના કૌશલ્યમાં મોટા પાયે સુધારો કરવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)

સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) એ એક સંસ્થા છે જે ચોક્કસ ક્ષેત્રો માટે નેતૃત્વ, શ્રેષ્ઠ પ્રયાસો, સંશોધન, સમર્થન, પ્રશિક્ષકોની તાલીમ અને કૌશલ્ય પ્રશિક્ષણ પ્રદાન કરે છે.

- સેન્ટર ઓફ એક્સેલન્સનો શાબ્દિક અર્થ 'એવી જગ્યા કે જ્યાં ઉચ્ચત્તમ ધોરણો જાળવવામાં આવે છે.'
- કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા માટેની રાષ્ટ્રીય નીતિ, 2015 અનુસાર રાજ્યોની ભાગીદારીમાં કૌશલ્ય વિકાસ અને પ્રશિક્ષકોની તાલીમ માટે રાષ્ટ્રીય કૌશલ્ય યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને શ્રેષ્ઠતાના કેન્દ્રો તરીકે પ્રોત્સાહન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

- કૌશલ્ય ઈકોસિસ્ટમમાં સેન્ટર ઓફ એક્સેલન્સ એ તાલીમ ધોરણો વધારવા, ઉત્પાદકતા વધારવા, ઉભરતા કૌશલ્ય અંતરને દૂર કરવા અને ઉદ્યોગની જરૂરિયાતો સાથે તાલીમ અને સંશોધનને સંરેખિત કરવા ઉદ્યોગ સાથે ભાગીદારીમાં વન–સ્ટોપ સંસાધન કેન્દ્ર બનશે.
- કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (MSDE) દ્વારા કૌશલ્યની માંગ અને પુરવઠા વચ્ચેના અસંતુલનને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે કુશળ કર્મચારીઓના સતત પુરવઠા અને શ્રેષ્ઠ પ્રથાઓના પ્રસાર માટે 'ઉત્કૃષ્ટતા કેન્દ્ર' (સેન્ટર ઓફ એક્સેલન્સ)ને માન્યતા આપવાનો આ પ્રસ્તાવ છે.
- આ પહેલ આવી સંસ્થાઓને કૌશલ્ય ક્ષેત્રે અને સંલગ્ન ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓમાં જોડાવવા માટે પ્રોત્સાહિત કરશે. જ્યાં પહેલાથી જ જ્ઞાન અથવા કૌશલ્યનો અભાવ છે, જેથી સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી શકાય.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુને ક્યારે ફાંસી આપવામાં આવી હતી ?

(A) 23 માર્ચ, 1930 (B) 23 માર્ચ, 1931

(C) 23 માર્ચ, 1932 (D) 23 માર્ચ, 1933 (B)

2. 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' અથવા તો 'વિશ્વ હવામાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 માર્ચ (B) 22 માર્ચ (C) 23 માર્ચ (D) 24 માર્ચ (C)

3. તાજેતરમાં 'વિંગ્સ ઈન્ડિયા 2022'નું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું ?

(A) બેગમપેટ એરપોર્ટ, હૈદરાબાદ (B) બેગમપેટ એરપોર્ટ, વિશાખાપટ્ટનમ

(C) બેગમપેટ એરપોર્ટ, કોચીન (D) બેગમપેટ એરપોર્ટ, કોલકાતા (A)

4. તાજેતરમાં ભારતીય સેના અને.............પોલીસે 'સુરક્ષા કવચ 2' અભ્યાસનું આયોજન કર્યું હતું.

(A) રાજસ્થાન (B) ગુજરાત

(C) હરિયાણા (D) મહારાષ્ટ્ર (D)

5. તાજેતરમાં INS શિવાજીને મરીન એન્જિનિયરિંગ ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) તરીકે માન્યતા આપી છે. આ INS શિવાજી મહારાષ્ટ્રના.............માં સ્થિત એક ભારતીય નૌકામથક છે.

(A) નાગપુર (B) લોનાવાલા

(C) કોલ્હાપુર (D) સોલાપુર (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 માર્ચ, (1) વિશ્વ ક્ષય (ટી.બી.) દિન
## (2) International Day for Achievers

### વિશ્વ ક્ષય (ટી.બી.) દિન

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 24 માર્ચ, 1882ના રોજ ડો. રોબર્ટ કોચ નામના તબીબે સૌપ્રથમ વખત ક્ષય રોગના જંતુઓની શોધ કરી હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો હેતુ ક્ષયથી પીડાતા રોગીઓને શોધીને તેમને તેની સારવાર મફત મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાનો છે.
- ક્ષયનો રોગ બીડી, સિગારેટ, તમાકુ વગેરેના વધુ પડતા સેવનના કારણે થાય છે.
- વર્ષ 2022ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ 'Invest to End TB. Save Lives' છે.

### T.B.

ક્ષય રોગને અંગ્રેજીમાં ટૂંકમાં T.B. તરીકે ઓળખવામાં આવે છે.

- T.B.નું પૂરું નામ Tuberculosis છે.
- ભારત સરકારની વર્ષ 2017ની આરોગ્ય નીતિમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં ભગવાન બુદ્ધની શયન મુદ્રામાં સૌથી મોટી પ્રતિમા બોધ ગયામાં બનાવવામાં આવી રહી છે.



ભારતમાં શયન મુદ્રા (ઊંઘની અથવા સુવાની સ્થિતિ)માં ભગવાન બુદ્ધની સૌથી મોટી પ્રતિમા બિહારના બોધ ગયામાં બનાવવામાં આવી રહી છે.

- ભારતના બૌદ્ધ યાત્રાધામ સર્કિટને સક્રિયપણે પુનર્જીવિત કરવામાં આવી રહયું છે અને બોધ ગયા તેનો અભિન્ન ભાગ છે.
- આ પ્રતિમા બુદ્ધ ઈન્ટરનેશનલ વેલ્ફર મિશન દ્વારા બનાવવામાં આવી રહી છે.
- આ પ્રતિમા 30 ફૂટ ઊંચી અને 100 ફૂટ લાંબી હશે.

- આ પ્રતિમામાં ભગવાન બુદ્ધ શયન મુદ્રા એટલે કે સૂવાની અથવા ઊંઘની સ્થિતિમાં છે.
- આ વિશાળ પ્રતિમાનું નિર્માણ વર્ષ 2019માં શરૂ થયું હતું.
- આ પ્રતિમા ફાઈબર ગ્લાસમાંથી બનાવવામાં આવી રહી છે અને કોલકાતાના શિલ્પકારો દ્વારા બનાવવામાં આવી રહી છે.
- ભગવાન બુદ્ધની વિશાળ પ્રતિમા ફેબ્રુઆરી 2023થી ભક્તો માટે ખોલવામાં આવશે.

નોંધ : (1) બોધ ગયા બિહારના ગયા જિલ્લામાં એક તીર્થ અને ધાર્મિક સ્થળ છે.

(2) બોધ ગયા એ સ્થાન છે જ્યાં ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

## લશ્કરી કવાયત-DUSTLIK : ભારત-ઉઝબેકિસ્તાન




DUSTLIK (ડસ્ટલિક) એ ભારત અને ઉઝબેકિસ્તાનની સેનાઓ વચ્ચે આયોજિત સંયુક્ત તાલીમ કવાયત છે.

- આ કવાયત અથવા અભ્યાસની ત્રીજી આવૃત્તિ 22થી 31 માર્ચ 2022 દરમિયાન ઉઝબેકિસ્તાનના યાંગિયાર્કમાં હાથ ધરવામાં આવી હતી.
- આ કવાયતની આ અગાઉની આવૃત્તિ વર્ષ 2021માં ઉત્તરાખંડના રાનીખેત ખાતે યોજાઈ હતી.
- આ કવાયતમાં ભાગ લેવા માટે ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ ગ્રેનેડિયર્સ રેજિમેન્ટની પ્લાટૂન ફોર્સ દ્વારા કરવામાં આવ્યું છે.
- ગ્રેનેડિયર્સ બટાલિયન ભારતીય સેનાની સૌથી પ્રતિષ્ઠિત બટાલિયનોમાંથી એક છે.
- આ કવાયતે સંયુક્ત રાષ્ટ્રના આદેશ હેઠળ અર્ધ–શહેરી વિસ્તારોમાં આતંકવાદ વિરોધી કામગીરી પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું.
- તેનો ઉદ્દેશ્ય બંને સેનાઓ વચ્ચે સમજણ, સહયોગ અને આંતરક્રિયાને વધારવાનો છે.
- આ ઉપરાંત આ અભ્યાસ મધ્ય એશિયાઈ ક્ષેત્રમાં સુરક્ષા અને કનેક્ટિવિટી માટે ઉઝબેકિસ્તાન ભારત માટે મહત્વપૂર્ણ છે.

ICE INSTITUTE FOR COMP

# World Air Quality Report 2021માં વિશ્વના સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતનું ભિવાડી પ્રથમ

**IQAir** દ્વારા તાજેતરમાં **'Air Quality Report 2021'** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરોમાં ભારતના રાજસ્થાન રાજ્યનું ભિવાડી શહેર પ્રથમ ક્રમે છે.
- ભિવાડી બાદ ઉત્તરપ્રદેશનું ગાઝિયાબાદ બીજા ક્રમે છે. ત્યારબાદ ચીનનું હોટન શહેર ત્રીજા ક્રમે છે.
- આ ઉપરાંત આ રિપોર્ટ અનુસાર વિશ્વના સૌથી વધુ **100** એર પ્રદૂષિત શહેરોમાં ભારતના કુલ **63** શહેરોનો સમાવેશ થાય છે.

**વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરો**

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | ભિવાડી | ભારત |
| 2 | ગાઝિયાબાદ | ભારત |
| 3 | હોટન | ચીન |
| 4 | દિલ્હી | ભારત |
| 5 | જૌનપુર | ભારત |
| 6 | ફૈસલાબાદ | પાકિસ્તાન |
| 7 | નોઈડા | ભારત |
| 8 | બહાવલપુર | પાકિસ્તાન |
| 9 | પેશાવર | પાકિસ્તાન |
| 10 | બાગપત | ભારત |
| 11 | હિસાર | ભારત |
| 12 | ફરિદાબાદ | ભારત |
| 13 | ગ્રેટર નોઈડા | ભારત |
| 14 | રોહતક | ભારત |
| 15 | લાહોર | પાકિસ્તાન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ રિપોર્ટ અનુસાર સૌથી વધુ હવાનું પ્રદૂષણ બાંગ્લાદેશમાં છે.
- જ્યારે બાંગ્લાદેશ બાદ ચાડ બીજા અને પાકિસ્તાન ત્રીજા ક્રમે છે.
- આ યાદીમાં ભારત પાંચમા ક્રમે છે. જ્યારે અંતિમ 117માં ક્રમે ન્યૂ કેલેડોનિયા છે.

## વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | બાંગ્લાદેશ |
| 2 | ચાડ |
| 3 | પાકિસ્તાન |
| 4 | તાઝિકિસ્તાન |
| 5 | ભારત |

- આ ઉપરાંત આ રિપોર્ટ અનુસાર વિશ્વના વિવિધ દેશોની રાજધાનીમાં સૌથી વધુ એર પોલ્યુશન ભારતની રાજધાની દિલ્હીમાં છે.
- દિલ્હી બાદ બાંગ્લાદેશનું ઢાકા બીજા ક્રમે અને ચાડની રાજધાની જામેના (અથવા એન'જામેના) ત્રીજા ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની શહેરો

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | દિલ્હી | ભારત |
| 2 | ઢાકા | બાંગ્લાદેશ |
| 3 | જામેના (N'Djamena) | ચાડ |
| 4 | દુશાંબે | તાજિકિસ્તાન |
| 5 | મસ્કત | ઓમાન |
| 6 | નૌમિયા | ન્યુ કેલેડોનિયા |

## રિપોર્ટ વિશે અન્ય માહિતી

આ રિપોર્ટ વિશ્વના 117 દેશોના 6,475 શહેરોના PM2.5 હવાની ગુણવત્તાના ડેટા પર આધારિત છે.

- પાર્ટિક્યુલેટ મેટર જેમા 2.5 માઈક્રોન અથવા તેનાથી નાના વ્યાસવાળા ઝીણા એરસોલ કણોનો સમાવેશ થાય છે, તે છ નિયમિત રીતે માપવામાં આવતા વાયુ પ્રદૂષકોમાનું એક છે.
- PM 2.5 ઘણા સ્ત્રોતમાંથી ઉદ્દભવે છે અને તેની રાસાયણિક રચના અને ભૌતિક લાક્ષણિકતાઓ અલગ હોઈ શકે છે.
- PM 2.5ના સામાન્ય રાસાયણિક ઘટકોમાં સલ્ફેટ, નાઈટ્રેટ્સ, બ્લેક કાર્બન અને એમોનિયમનો સમાવેશ થાય છે.
- સામાન્ય રીતે માનવસર્જિત સ્ત્રોતોમાં આંતરિક કમ્બશન એન્જિન, વીજળીનું ઉત્પાદન, ઔદ્યોગિક પ્રક્રિયાઓ, કૃષિ પ્રક્રિયાઓ, બાંધકામ અને રહેણાંકનું લાકડું અને કોલસો સળગાવવાનો સમાવેશ થાય છે.
- PM 2.5ના સૌથી સામાન્ય કુદરતી સ્ત્રોતો ધૂળના તોફાન, રેતીના તોફાન અને જંગલની આગ છે.
- ભારતનું વાર્ષિક સરેરાશ PM 2.5 સ્તર 2021માં 58.1 $\mu g/M^3$ (માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર) સુધી પહોંચ્યું હતું, જે હવાની ગુણવત્તામાં સુધારો કરવાના ત્રણ વર્ષના વલણને પગલે છે.
- વર્ષ 2021માં મધ્યમ અને દક્ષિણ એશિયાના 15 સૌથી પ્રદૂષિત શહેરોમાંથી 11 ભારતમાં હતા.
- વર્ષ 2021માં મુંબઈમાં PM 2.5ની વાર્ષિક સરેરાશ 46.4 μg/ક્યુબિક મીટર નોંધાઈ હતી. જે WHOની મર્યાદા કરતા લગભગ નવ ગણી વધારે હતી.
- નવી દિલ્હી સતત ચોથા વર્ષે વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની બની છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં એક પણ દેશ 2021માં WHOના એર ક્વોલિટી સ્ટાન્ડર્ડને પૂર્ણ કરવામાં સફળ રહ્યા નથી.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોલકાતા બિપ્લોબી ભારત ગેલેરીનું ઉદ્દઘાટન કર્યુ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં શહીદ દિવસ નિમિત્તે કોલકાતાના વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં 'બિપ્લોબી ભારત ગેલેરી' (અથવા વિપ્લવી ભારત ગેલેરી)નું ઉદ્દઘાટન કર્યુ હતું.

- નોંધનીય છે કે આ ગેલેરી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ક્રાંતિકારીઓના વિશિષ્ટ યોગદાન પર પ્રકાશ પાડે છે.
- અને આઝાદી તરફ દોરી જતી ઘટનાઓનું સર્વગ્રાહી દૃશ્ય પ્રદાન કરે છે.
- આ ગેલેરી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ક્રાંતિકારીઓના યોગદાન અને બ્રિટિશ સંસ્થાનવાદી શાસન સામેના તેમના સશસ્ત્ર પ્રતિકારને દર્શાવે છે.
- આ નવી ગેલેરી સ્વતંત્રતા ચળવળને આગળ વધારનાર બૌદ્ધિક તેમજ રાજકીય પૃષ્ટભૂમિનું નિરૂપણ કરશે.
- આ ગેલેરીમાં ક્રાંતિકારી ચળવળનો જન્મ, આ ચળવળનો સમગ્ર દેશમાં ફેલાવો, આ ચળવળ સાથેના નેતાઓનું જોડાણ, ભારતીય રાષ્ટ્રીય સેનાની રચના, ભારતીય નૌકા વિદ્રોહ વગેરે દર્શાવવામાં આવશે.

1. 'વિશ્વ ક્ષય દિન' અથવા 'વિશ્વ ટી.બી. દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 22 માર્ચ (B) 23 માર્ચ (C) 24 માર્ચ (D) 25 માર્ચ **(C)**

2. વર્ષ 2022ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ શું છે ?
(A) It's time (B) I am stopping TB
(C) Unite to End TB (D) Invest to End TB. Save Lives **(D)**

3. T.B.નું પૂરું નામ શું છે ?
(A) Tuberculosis (B) Tubercurosis
(C) Tubercunosis (D) Tubercumosis **(A)**

4. ભારતમાં ભગવાન બુદ્ધની શયન મુદ્રામાં સૌથી મોટી પ્રતિમા કયા સ્થળે બનાવવામાં આવી રહી છે ?
(A) બોધ ગયા (B) પ્રયાગરાજ (C) ભોપાલ (D) પૂણે **(A)**

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'DUSTLIK' એ ભારત અને.........દેશ વચ્ચે આયોજિત સંયુક્ત તાલીમ કવાયત છે.
(A) ઓમાન (B) ઈન્ડોનેશિયા (C) ઉઝબેકિસ્તાન (D) કિર્ગીસ્તાન **(C)**

6. તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા Air Quality Report 2021 અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરોમાં ભારતનું કયું શહેર પ્રથમ ક્રમે છે ?
(A) નવી દિલ્હી (B) ગોરખપુર (C) ભિવાડી (D) હોટન **(C)**

7. તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા Air Quality Report 2021 અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત દેશોમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?
(A) પાકિસ્તાન (B) ભારત (C) બાંગ્લાદેશ (D) મોંગોલિયા **(C)**

8. તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા Air Quality Report 2021 અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની શહેરોમાં કઈ રાજધાની પ્રથમ ક્રમે છે ?
(A) દિલ્હી (B) ઢાકા (C) ઉલાનબતાર (D) કાબુલ **(A)**

9. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહીદ દિવસ નિમિત્તે.....................શહેરના વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં 'બિપ્લોબી ભારત ગેલેરી' (અથવા વિપ્લવી ભારત ગેલેરી)નું ઉદ્દઘાટન કર્યુ હતું.
(A) ચેન્નાઈ (B) બેંગ્લોર (C) પૂણે (D) કોલકાત્તા **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી 'નમો વડ વન' સ્થાપનાનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશની આઝાદીના 75 વર્ષ પ્રસંગે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આ વર્ષના આંતરરાષ્ટ્રીય વન દિવસ 21 માર્ચે ગુજરાતમાં એક ઉદાહરણરૂપ અને દેશને માર્ગદર્શક અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રિય એવા વડના વૃક્ષોના 'નમો વડ વન' રાજ્યમાં ઉભા કરવાના પર્યાવરણીય પ્રિય હેતુ માટે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં વડ વૃક્ષ વાવીને આ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.
- 'નમો વડ વન' અંતર્ગત રાજ્યના 33 જિલ્લાઓમાં 75 વડ વન સ્થપાશે અને પ્રત્યેક વનમાં 75 વડ વૃક્ષનું વાવેતર વન વિભાગ કરશે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે વન વિભાગના અદ્યતન સેન્ટ્રલાઈઝડ કંટ્રોલરૂમ અને ફોરેસ્ટ હેલ્પલાઈન નંબર 1926નો પ્રારંભ કરાવ્યો હતો.
- તેમણે નમો વડ વન પુસ્તિકાનું પણ વિમોચન કર્યુ હતું.

નોંધ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતું કે આ વર્ષના બજેટમાં બામ્બુ મિશન યોજના હેઠળ 5,891 હેક્ટરમાં વાંસના વાવેતર માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા રૂ. 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુજલામ 2.0 અભિયાન (Sujalam 2.0 Campaign)

કેન્દ્રીય જળમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે 23 માર્ચ 2022ના રોજ સુજલામ 2.0 અભિયાનની શરૂઆત કરી હતી.

- આ અભિયાન 'ગ્રે વોટર મેનેજમેન્ટ' (Greywater Management) માટે શરૂ કરવામાં આવ્યું છે.
- જળ શક્તિ મંત્રાલયના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ (DDWS) દ્વારા આ લોન્ચ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- 9 મંત્રાલયોએ આ કાર્યક્રમના અમલીકરણમાં સીધા સામેલ લોકોની સાથે કન્વર્જન્સ મોડલના આધારે ગ્રે વોટર મેનેજમેન્ટનું આયોજન કેવી રીતે કરી શકાય તે જોવા માટે સંયુક્ત પરામર્શ પર હસ્તાક્ષર કર્યા છે.
- આ 9 મંત્રાલયો આ મુજબ છે : (1) ગ્રામીણ વિકાસ મંત્રાલય (2) જળ શક્તિ મંત્રાલય (3) યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (4) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (5) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (6) શિક્ષણ મંત્રાલય (7) આદિજાતિ બાબતોનું મંત્રાલય (8) પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (9) પંચાયતી રાજ મંત્રાલય

## આ અભિયાનની થીમ

- આ અભિયાનની થીમ "Groundwater : Making the invisible Visible' છે.

## આ અભિયાનનો ઉદ્દેશ્ય

- સુજલામ 2.0 અભિયાન લોકોની ભાગીદારી દ્વારા ગ્રે વોટર સંચાલન કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન હેઠળ ગ્રે વોટર મેનેજમેન્ટમાં મદદ કરવા માટે શાળાઓ, પંચાયતો અને આંગણવાડીઓ જેવા સમુદાયોને સામેલ કરવાનું આયોજન છે.

## અભિયાન માટે ભંડોળ

- સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણ તબક્કો II અથવા 15મા નાણાંપંચ તેમજ મનરેગા હેઠળની અનુદાન દ્વારા અથવા તે બધાના સંકલન દ્વારા ગ્રે વોટર મેનજમેન્ટ માટે ભંડોળ પૂરું પાડવામાં આવશે.

## ગ્રે વોટર શું છે ?

- ગ્રે વોટર એ ઘરેલું ગંદુ પાણી (Domestic Wastwater)નો સંદર્ભ આપે છે. જે ઘરો, ઓફિસની ઈમારતો વગેરેમાંથી મળના દૂષણ વિના બહાર આવે છે.
- ગ્રે વોટરના સ્ત્રોતોમાં શાવર, સિંક, વોશિંગ મશીન, બાથ વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# શ્રી ડેનિસ પાર્નેલ સુલિવાને 2022 એબેલ પુરસ્કાર જીત્યો

'નોર્વેજીયન એકેડેમી ઓફ સાયન્સ એન્ડ લેટર્સ' એ તાજેતરમાં 'એબેલ પુરસ્કાર' (Abel Prize)ની જાહેરાત કરી છે.



- આ વર્ષે આ એવોર્ડ અમેરિકન ગણિતશાસ્ત્રી શ્રી ડેનિસ પાર્નેલ સુલિવાનને આપવામાં આવશે.
- આ પુરસ્કાર શ્રી ડેનિસ સુલિવાનને 'ટોપોલોજી'ના બીજગણિત, ભૌમિતિક અને ગતિશીલ પાસાઓમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે આપવામાં આવી રહ્યો છે.
- ટોપોલોજી ગણિતનું એક વિશિષ્ટ ક્ષેત્ર છે, જે સામાન્ય રીતે 19મી સદીમાં ઉદ્દભવ્યું હતું.
- અને તે કોઈપણ પ્રકારની સપાટીના ગુણધર્મો સાથે સંબંધિત છે જે વિકૃત થવા પર બદલાતી નથી.

## એબેલ પુરસ્કાર

<u>નોર્વેના</u> રાજા એબેલ પુરસ્કાર રજૂ કરે છે અને તે <u>ગણિતના</u> ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરનાર વ્યક્તિને વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.

- આ પુરસ્કારનું નામ નોર્વેના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી <u>નીલ્સ હેનરિક એબેલના</u> નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ પુરસ્કારે પ્રસિદ્ધ નોબેલ પુરસ્કારમાંથી પ્રેરણા લીધી છે. નોબેલ પુરસ્કારમાં ગણિત માટે કોઈ વિભાગ નથી, જોકે કેટલાક ગણિતશાસ્ત્રીઓએ અન્યક્ષેત્રોમાં આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જીત્યો છે.
- એબેલ પુરસ્કારની સ્થાપના વર્ષ **<u>2002</u>**માં કરવામાં આવી હતી. પરંતુ સૌપ્રથમ વર્ષ **<u>2003</u>**માં <u>ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જીન–પિયર સેરેને</u> બીજગણિત ભૂમિતિ, ટોપોલોજી અને નંબર થિયરીમાં તેમના યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો હતો.
- આ એવોર્ડ અંતર્ગત <u>7.5 મિલિયન નોર્વેજીયન ક્રોનરની</u> રકમ આપવામાં આવે છે.

## FIFA World Cup 2022 સ્પોન્સર : BYJU'S

ભારતીય બહુરાષ્ટ્રીય શૈક્ષણિક ટેકનોલોજી કંપની **<u>BYJU'S</u>**ને **<u>FIFA World Cup 2022</u>**ના સત્તાવાર <u>સ્પોન્સર</u> તરીકે જાહેર કરવામાં આવી છે.

- આ સાથે **<u>BYJU'S</u>** ફિફા વર્લ્ડ કપમાં સામેલ થનારી <u>પ્રથમ ભારતીય કંપની</u> બની છે.
- <u>ફૂટબોલ વર્લ્ડ કપ **2022**નું</u> આયોજન <u>કતારમાં</u> થશે.
- આ ટૂર્નામેન્ટ **21** નવેમ્બર, **2022**થી **18** ડિસેમ્બર, **2022** દરમિયાન યોજાશે.




નોંધ : (1) BYJU'S એ બહુરાષ્ટ્રીય શૈક્ષણિક ટેકનોલોજી કંપની છે, જેની સ્થાપના <u>શ્રી રવિન્દ્રન બાયજુ</u> અને <u>સુશ્રી દિવ્યા ગોકુલનાથ</u> દ્વારા કરવામાં આવી હતી.

(2) તેનું મુખ્ય મથક <u>બેંગ્લોર</u> ખાતે આવેલું છે.

1. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'નમો વડ વન' સ્થાપનાનો રાજ્યવ્યાપી પ્રારંભ કયાંથી કરાવ્યો ?

(A) જૂનાગઢ (B) ગાંધીનગર

(C) પાલનપુર (D) નવસારી (B)

2. તાજેતરમાં કેન્દ્રીય જળમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સુજલામ 2.0 અભિયાનની શરૂઆત કરી છે.

તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અભિયાન 'ગ્રે વોટર મેનેજમેન્ટ' માટે શરૂ કરવામાં આવ્યું છે.

(B) આ અભિયાનની થીમ **'Groundwater : Making the invisible visible'** છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં કોણે 'એબેલ પુરસ્કાર 2022' (Abel Prize-2022) જીત્યો છે ?

(A) શ્રી ડેનિસ પોર્નેલ સુલિવાન (B) શ્રી ડેનિસ લુનીસ માર્કેન

(C) શ્રી ડેનિસ અબ્રાહમ સુલિવાન (D) શ્રી ડેનિસ અબ્રાહમ માર્કેન (A)

4. તાજેતરમાં કઈ ભારતીય બહુરાષ્ટ્રીય શૈક્ષણિક ટેકનોલોજી કંપનીને **'FIFA World Cup 2022'**ના

સત્તાવાર સ્પોન્સર તરીકે જાહેર કરવામાં આવી છે ?

(A) **BYJU'S** (B) **ACE** એડ્યુટ્રેન્ડ

(C) સીએલ એજ્યુકેશન (D) અરહિંત સંસ્થા (A)

## ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે પ્રસિદ્ધ ગેરનો મેળો યોજાયો



તાજેતરમાં ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે ગેરના મેળાનું આયોજન થયું હતું.

- ક્વાંટ ખાતે હોળીના તહેવાર દરમિયાન યોજાતો આ મેળો વિશ્વ પ્રસિદ્ધ આદિવાસી મેળો છે.
- આ મેળો દર વર્ષે ધૂળેટીના ત્રીજા દિવસે યોજાય છે.
- આ મેળામાં આદિવાસી સમાજની સંસ્કૃતિ, પહેરવેશ, વાજિંત્રો અને ખાસ કરીને તેમના મનમોહક નૃત્યોને નિહાળવા માટે ફક્ત ભારતના જ નહિ, પરંતુ વિદેશી પર્યટકો પણ ઉમટી પડે છે.

## ડાંગ દરબાર

તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ડાંગના પરંપરાગત ભાતીગળ લોકમેળો ડાંગ દરબારને ખુલ્લો મુકયો હતો.

- ડાંગ દરબારનું હોળી–ધૂળેટી પર્વના અગાઉના દિવસો દરમિયાન આયોજન કરાતું હોય છે.
- ડાંગ જિલ્લાના આહવા ખાતે તેનું આયોજન કરવામાં આવે છે.
- ડાંગ દરબાર આદિવાસીનો નૃત્ય મહોત્સવ છે.
- ડાંગ દરબારમાં આદિવાસી પ્રતિભાને રાજ્ય સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Export Preparedness Index-2021 : નીતિ આયોગ



નીતિ આયોગ દ્વારા તાજેતરમાં 'Export Preparedness Index-2021' અથવા 'નિકાસ તૈયારી સૂચકાંક-2021' બહાર પાડયો છે.

- આ રિપોર્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પિટિટિવનેસના સહયોગથી બહાર પાડવામાં આવ્યો હતો.
- ગુજરાત સતત બીજી વખત આ ઈન્ડેક્સમાં ટોચ પર છે.
- ત્યારબાદ મહારાષ્ટ્ર બીજા, કર્ણાટક ત્રીજા અને તમિલનાડુ ચોથા ક્રમે છે.
- આ ઈન્ડેક્સની નવીનતમ આવૃત્તિ દર્શાવે છે કે મોટા ભાગના દરિયાકાંઠાના રાજ્યો શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓમાં સામેલ છે.

**Export Preparedness Indx-2021**

| Rank | State |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | મહારાષ્ટ્ર |
| 3 | કર્ણાટક |
| 4 | તમિલનાડુ |
| 5 | હરિયાણા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ડેક્સ વિશે

આ ઈન્ડેક્સ ભારતની નિકાસ સિદ્ધિઓનું વ્યાપક વિશ્લેષણ છે.

- આ ઈન્ડેક્સ પડકારો અને તકોની ઓળખ કરવી, સરકારી નીતિઓની અસરકારકતામાં વધારો કરવો અને નિકાસ માટે અનુકૂળ માળખાને પ્રોત્સાહન આપે છે.
- ઈન્ડેક્સમાં 4 સ્તંભો, 11 પેટા સ્તંભો અને 60 સૂચકાંકોનો સમાવેશ થાય છે અને તે ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને આવરી લે છે.
- આ 4 સ્તંભમાં નીતિ, બિઝનેસ ઈકોસિસ્ટમ, નિકાસ ઈકોસિસ્ટમ અને નિકાસ પ્રદર્શનનો સમાવેશ થાય છે.
- આ ઈન્ડેક્સનો ઉપયોગ કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્યો દ્વારા તેમના તેમના સંબંધિત પ્રદર્શનની તેમના સમકક્ષો સાથે પણ કરી શકાય છે.
- આ ઈન્ડેક્સનો ઉપયોગ નિકાસમાંથી વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતા પડકારોનું વિશ્લેષણ કરવા માટે પણ થઈ શકે છે.
- તે વૈશ્વિક નિકાસ પરિદૃશ્યમાં કેન્દ્રશાસિત પ્રદેશો અને દેશના રાજ્યો વચ્ચે નિષ્પક્ષ સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે.

**નોંધ :** આ ઈન્ડેક્સમાં કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હી પ્રથમ ક્રમે છે.

## 5 ઓક્ટોબરે 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ'ની ઉજવણી કરવામાં આવશે



કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા 5 ઓક્ટોબરને 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' (National Dolphin Day) તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

- આ વર્ષથી હવે દર વર્ષે 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.
- નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL)ની સ્થાયી સમિતિએ 5 ઓક્ટોબરને 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો હતો.
- આ દિવસ ડોલ્ફિનના સંરક્ષણ માટે લોકોની ભાગીદારી પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.
- ગંગા અને તેની ઉપનદીઓના પાણીની ગુણવત્તા અને પ્રવાહને સુધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જેથી ગંગાની ડોલ્ફિન જીવિત રહી શકે.
- ડોલ્ફિન તંદુરસ્ત જળચર ઈકોસિસ્ટમના આદર્શ સૂચક તરીકે સેવા આપે છે, આથી ડોલ્ફિનનું સંરક્ષણ અત્યંત મહત્ત્વનું છે.

## રિઝર્વ બેંક ઈનોવેશન હબ (RBIH)




તાજેતરમાં રિઝર્વ બેંક ઈનોવેશન હબ (RBIH)નું ઉદ્ઘાટન RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસે બેંગ્લૂરુમાં કર્યુ હતું.

- RBIHની સ્થાપના RBIની સંપૂર્ણ માલિકીની પેટાકંપની તરીકે પ્રારંભિક મૂડી યોગદાન તરીકે રૂ. 100 કરોડ સાથે કરવામાં આવ્યું છે.
- આ હબ માટે એક સ્વતંત્ર બોર્ડની રચના કરવામાં આવી છે.
- જેમાં પ્રથમ અધ્યક્ષ તરીકે શ્રી એસ. ગોપાલ કૃષ્ણનની પસંદગી કરવામાં આવી છે.
- RBIHનો ઉદ્દેશ્ય એક એવી ઈકો સિસ્ટમ બનાવવાનો છે જે સમગ્ર દેશમાં ઓછી આવક ધરાવતા લોકો માટે વિવિધ નાણાકીય ઉત્પાદનો અને સેવાઓની એક્સેસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ ઉપરાંત RBIHનો ઉદ્દેશ્ય નાણાકીય સમાવેશ તરફ કામ કરવાની સાથે દેશના નાણાકીય ક્ષેત્રમાં વિશ્વસ્તરીય નવીનતા લાવવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ગુજરાતમાં હોળી બાદ ગેરનો પ્રસિદ્ધ મેળો કયાં યોજાય છે ?

(A) ગોધરા (B) રાજપીપળા (C) આહવા (D) ક્વાંટ **(D)**

2. ગુજરાતમાં કયા જિલ્લામાં આવેલા ક્વાંટ ખાતે હોળી બાદ દર વર્ષે ગેરનો પ્રસિદ્ધ મેળો યોજાય છે ?

(A) પંચમહાલ (B) નર્મદા

(C) ડાંગ (D) છોટાઉદેપુર **(D)**

3. તાજેતરમાં ડાંગ જિલ્લાના કયા સ્થળે 'ડાંગ દરબાર'નું આયોજન થયું હતું ?

(A) આહવા (B) ક્વાંટ (C) વઘઈ (D) સુબીર **(A)**

4. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા 'Export Preparedness Index-2021' અથવા 'નિકાસ તૈયારી સૂચકાંક 2021' બહાર પાડયો છે. આ ઈન્ડેક્સમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) ગુજરાત (B) રાજસ્થાન

(C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા 'Export Preparedness Index-2021' અથવા 'નિકાસ તૈયારી સૂચકાંક 2021' બહાર પાડયો છે. આ ઈન્ડેક્સમાં બીજા ક્રમે કયું રાજ્ય છે ?

(A) હરિયાણા (B) રાજસ્થાન

(C) મહારાષ્ટ્ર (D) કેરળ **(C)**

6. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર કયા દિવસને 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' (National Dolphin Day) તરીકે ઉજવવામાં આવશે ?

(A) 5 ઓક્ટોબર (B) 5 નવેમ્બર

(C) 5 ડિસેમ્બર (D) 5 એપ્રિલ **(A)**

7. તાજેતરમાં રિઝર્વ બેંક ઈનોવેશન હબ (RBIH)નું ઉદ્ઘાટન RBIના ગવર્નર શક્તિકાંત દાસે............ ખાતે કર્યુ હતું.

(A) હૈદરાબાદ (B) બેંગ્લુરુ

(C) ચેન્નાઈ (D) પૂણે **(B)**

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે હેરિટેજ પોલિસી પોર્ટલ અને વિવિધ પ્રવાસન સુવિધાઓનું લોકાર્પણ કર્યુ**

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાયેલા 'ગુજરાતના ભવ્ય વારસા'ની ઉજવણી કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ હેરિટેજ પોલિસી પોર્ટલ અને ગવર્નર હિલ–સાપુતારા, સાસણગીર વિલેજ તેમજ દાંડી ખાતેની વિવિધ પ્રવાસન સુવિધાઓના ઈ–લોકાર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના ઈતિહાસ અને અસ્મિતાના પ્રકાશને ઉજાગર કરવો હોય તો હેરિટેઝમનો વિકાસ જરૂરી છે. આ ઉપરાંત શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ચાર T - ટ્રેડિશનલ, ટેલેન્ટ, ટેક્નોલોજી અને ટ્રેડના સુત્રને ટૂરિઝમના વિકાસ માટે અત્યંત જરૂરી ગણાવ્યા હતા. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યાં શિક્ષણ મેળવયું હતું તે વડનગરની પ્રાથમિક શાળાનો હેરિટેજમાં સમાવેશ વિશે અને ગાયકવાડ સરકારના સમયની 100 વર્ષ જૂની શાળાને 'પ્રેરણા કેન્દ્ર' તરીકે વિકસાવવા માટે બજેટની જોગવાઈ વિશે છણાવટ કરી હતી. આ અવસરે વડોદરા, રાજકોટ, સંતરામપુર, દેવગઢ બારિયા, બાલાસિનોર વગેરે સ્થળોના રાજવી મહેલોના હેરિટેજ ટુરિઝમ પ્લેસ તરીકે ડેવલપ કરવાના MoU થયા હતા. હવે હેરિટેજ પ્રોપર્ટી ધારક એપ્લિકેશનથી લઈ ફી પેમેન્ટ સુધીની પ્રક્રિયા ઓનલાઈન કરી શકશે.

➤ **શ્રી અમિતભાઇ શાહે સોલા સિવિલ ખાતે ગુજરાતની પ્રથમ ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજનું લોકાર્પણ કર્યુ**

કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિતભાઈ શાહ દ્વારા અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ગુજરાતની પ્રથમ ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજ અને આહાર કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જી.એમ.આર.એસ. કોલેજ ખાતે ઓડિયો સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજનો પ્રારંભ કરનારું ગુજરાત દેશમાં પાંચમુ રાજ્ય બન્યું છે. નોંધનીય છે કે ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કાર્યરત થવાથી બાળકોમાં જન્મજાત બહેરાશ, સાંભળવાને લગતી તકલીફ, બોલવાની, સમજવાની અને ભૂલવાની તકલીફ, પક્ષઘાત વગેરેનું નિદાન સરળ અને સચોટ બનશે. સોલા સિવિલ હોસ્પિટલના ENT (કાન–નાક–ગળા)ના વિભાગ હેઠળનો 12 પછી સ્નાતક કક્ષાનો નવો આરોગ્ય સ્વાસ્થ્યલક્ષી અભ્યાસક્રમ બેચલર ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી B.A.SLP (બેચલર ઓફ ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી) એ એક પેરામેડિકલ કોર્સ છે. જેનો અભ્યાસક્રમ ત્રણ વર્ષ સાથે 1 વર્ષની ઈન્ટર્નશીપ છે. જેમાં દર વર્ષે 20 વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે. નવું શરૂ કરાયેલ આહાર કેન્દ્રમાં હોસ્પિટલમાં દાખલ દર્દીના સ્વજનોને સવારે 9 થી બપોરે 1 વગ્યા સુધી વિના મૂલ્યે પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **જાપાન ભારતમાં રૂ. 3.2 લાખ કરોડનું રોકાણ કરશે**

તાજેતરમાં જાપાનના વડાપ્રધાન શ્રી ફુમિયો કિશિદા ભારતની મુલાકાતે આવ્યા હતા. તેમણે નવી દિલ્હીમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન જાપાનના વડાપ્રધાનશ્રીએ જણાવ્યુ હતું કે જાપાન આગામી પાંચ વર્ષમાં 3.2 લાખ કરોડ રૂપિયા (42 બિલિયન ડોલર)નું રોકાણ કરશે. ભારત અને જાપાન દર વર્ષે 2 + 2 મંત્રાણાનું આયોજન કરે છે. અમેરિકા પછી જાપાન એવો બીજો દેશ છે જેની ભારત આ પ્રકારનું સંવાદનું ફોર્મેટ ધરાવે છે. ભારત જાપાનને પેટ્રોલિયમ ઉત્પાદનો, રસાયણો વગેરેની નિકાસ કરે છે. જ્યારે ભારત જાપાન પાસેથી પરિવહન, મશીનરી, લોખંડ અને સ્ટીલ, ઈલેક્ટ્રોનિક સામાન વગેરે આયાત કરે છે. ભારતમાં જાપાનનું સિધુ વિદેશી રોકાણ મુખ્યત્વે ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ, ઓટોમોબાઈલ, ટેલિકોમ્યુનિકેશન અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં છે.

➤ **22 માર્ચ : બિહાર દિવસ**

બિહાર રાજ્યએ 22 માર્ચ 2022ના રોજ તેનો 110મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. આ સ્થાપના દિવસને 'બિહાર દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસ દર વર્ષે 22 માર્ચના રોજ ઉજવવામાં આવે છે. વર્ષ 1912માં આ દિવસે બ્રિટિશ સરકાર દ્વારા બિહારને બંગાળથી અલગ કરીને એક નવા રાજ્યની રચના કરવામાં આવી હતી. બિહાર દિવસ 2022ની થીમ 'જળ જીવન હરિયાળી છે.

➤ **એક્વામેપ (AquaMap)**

તાજેતરમાં નવા જળ વ્યવસ્થાપન અને નીતિ કેન્દ્ર 'એક્વામેપ' (AquaMap)નું ઉદ્દઘાટન ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રો. કે. વિજય રાઘવન દ્વારા IIT મદ્રાસમાં કરવામાં આવ્યું હતું. આ સાથે તેની વેબસાઈટ https://aquamap.iitm.ac.in પણ લોન્ચ કરી છે. AquaMapનો ઉદ્દેશ્ય સ્માર્ટ વોટર મેનેજમેન્ટ પ્રેક્ટિસને અમલમાં મુકીને પાણીની સમસ્યાઓ દ્વારા ઊભા થતાં પડકારોના ઉકેલો પૂરા પાડવાનો છે. સમગ્ર દેશમાં ક્ષેત્રોમાં જળ વ્યવસ્થાપન પ્રથાઓ લાગુ કરવામાં આવશે અને નવીન વ્યવસ્થાપન તકનીકો માટે માપી શકાય તેવા મોડલ તરીકે ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ અત્યાધુનિક હાઈડ્રો–ઈન્ફોર્મેટિક્સ લેબોરેટરી પણ સ્થાપવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ આફ્રિકાની 'બોમા ટેકનિક'

તાજેતરમાં રાજસ્થાનના ભરતપુર જિલ્લાના 'કેઓલા દેવ નેશનલ પાર્ક'માં આફ્રિકાની 'બોમા ટેકનિક'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેનો ઉપયોગ ચિતલ અથવા સ્પોટેડ હરણને પકડવા અને તેમને મુકુંદરા હિલ્સ ટાઈગર રિઝર્વમાં લઈ જવા માટે કરવામાં આવ્યો હતો. બોમા કેપ્ચરિંગ ટેકનિક આફ્રિકામાં ખૂબ જ લોકપ્રિય છે. તેમાં પ્રાણીઓને ફનલ જેવી વાડ દ્વારા પીછો કરવામાં આવે છે અને એક બિડાણમાં લઈ જવામાં આવે છે. આ ફનલ પ્રાણીની પસંદગી–કમ–લોડિંગ સ્ટ્રક્ચરનું સ્વરૂપ લે છે અને તેને પ્રાણીઓ માટે અપારદર્શક બનાવવા માટે મેટ અને લીલી જાળીથી આવરી લેવામાં આવે છે, જે પ્રાણીઓને અન્ય સ્થાને લઈ જવાનું એક મોટું વાહન છે. આ જૂની ટેકનિકનો ઉપયોગ સૌપ્રથમ જંગલી હાથીઓને પકડવાની તાલીમ અને સેવા માટે કરવામાં આવ્યો હતો.

### ➤ એશિયા કપ તીરંદાજીમાં બે ગોલ્ડ અને છ સિલ્વર મેડલ સાથે ભારત બીજા ક્રમે

ભારતીય તીરંદાજોએ એશિયા કપ વિશ્વ રેન્કિંગમાં પ્રથમ તબક્કામાં શાનદાર દેખાવ કર્યો છે. ભારતીય ટીમે આ ટૂર્નામેન્ટમાં બે ગોલ્ડ અને છ સિલ્વર મેડલ જીતીને બાંગ્લાદેશ બાદ બીજું સ્થાન હાંસલ કર્યુ છે. ભારતે જે બે ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો તેમાં રિકર્વ પુરુષ ટીમ અને મિક્સ મહિલા વ્યક્તિગત વર્ગનો સમાવેશ થાય છે. સાક્ષી ચૌધરી, પરનીત કૌર, રિદ્ધિ કૈર, તિસા પુનિયા, તનિશા વર્મા, પ્રથમેશ જાવકર, યાદવ અને પ્રિયાંશ વગેરેએ આ વર્લ્ડ કપમાં ભારત તરફથી ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ વિમેન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા એવોર્ડ્સ

તાજેતરમાં નીતિ આયોગના Women Entrepreneurship Platform (WEP) દ્વારા 'Women Transforming India Awards' (WTI)ની પાંચમી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સશક્ત ઓર સમર્થ ભારત'માં મહિલાઓના યોગદાનની ઉજવણી કરવા માટે WTI એવોર્ડ 2021 દ્વારા 75 મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કૈલાસ ખેર દ્વારા લખાયેલ, કમ્પોઝ કરેલ અને ગવાયેલું 'નારી શક્તિ' નામનું રાષ્ટ્રગીત WEP ઈવેન્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. WTI એવોર્ડ જે NITI આયોગની પહેલ છે તે ભારતના મહિલા નેતાઓને આપવામાં આવે છે જેઓ તેમના પ્રયાસો દ્વારા નોંધપાત્ર પરિવર્તન લાવે છે. આ પુરસ્કાર વર્ષ 2018થી NITI આયોગના WEPના નેજા હેઠળ ઉદ્યોગસાહસિક્તા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને યોજવામાં આવે છે.

➤ **રૂફટોપ સોલાર પ્રોગ્રામ ફેઝ - II**

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા રૂફટોપ સોલાર પ્રોગ્રામ તબક્કો-2 લાગુ કરવામાં આવી રહ્યો છે. કેન્દ્રીય નાણાકીય સહાય (CFA) દ્વારા રહેણાંક ક્ષેત્રમાં કાર્યક્રમ હેઠળ 4000 મેગાવોટ રૂફટોપ સોલાર (RTS) ક્ષમતા વધારાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. રેસિડેન્ટ વેલ્ફર એસોશિએશનો અને ગ્રુપ હાઉસિંગ સોસાયટીઓ માટે 500 KWની મહત્તમ ક્ષમતા ધરાવતી સામાન્ય સુવિધાઓ માટે CFA 20% સુધી મર્યાદિત કરવામાં આવી છે. રૂફટોફ સોલાર એ ફોટોવોલ્ટેઈક સિસ્ટમ છે. જેમાં વીજળી ઉત્પન્ન કરતી સોલાર પેનલ્સ રહેણાંક અથવા વ્યાપારી ઈમારત અથવા માળખાની છત પર માઉન્ટ કરવામાં આવે છે.

➤ **BRICS Vaccine R&D Center**

કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ 'બ્રિક્સ વેક્સિન આર એન્ડ ડી' સેન્ટર લોન્ચ કર્યુ છે. ચીનના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી વાંગ ઝિગાંગે લોન્ચ સમારોહની અધ્યક્ષતા કરી હતી. તેમણે બ્રિક્સ દેશોને રસીના ન્યાયી વિતરણને પ્રોત્સાહન આપવા અને બ્રિક્સ દેશો વચ્ચે સહકાર વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી છે. ભારત WHOની 65-70% રસીની જરૂરિયાતો પૂરી કરે છે તેમજ 150થી વધુ દેશોમાં રસીનો સપ્લાય કરે છે અને તે વિશ્વના સૌથી મોટા રસી ઉત્પાદનો ઉદ્યોગમાંનો એક છે. આ કેન્દ્ર રસીના વિકાસ અને સંશોધનમાં બ્રિક્સ દેશોના ફાયદાઓને એકરૂપ બનાવવામાં મદદ કરશે. જે બ્રિક્સ દેશોની ચેપી રોગોને નિયંત્રણ અને અટકાવવાની ક્ષમતાને વેગ આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **H2Ooooh ! પહેલ**

વિશ્વ જળ દિવસ નિમિત્તે સ્વચ્છ ગંગા માટે રાષ્ટ્રીય મિશન, યુનેસ્કો અને અન્ય ભાગીદારોએ તેમની પહેલ 'H2Ooooh' – વોટર વાઈસ પ્રોગ્રામ હેઠળ ભારતના બાળકો માટે ત્રણ એનિમેશન ફિલ્મો રજૂ કરી હતી. આ ફિલ્મો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય નદીઓના બચાવ અને સંરક્ષણ પર કેન્દ્રિત વાર્તાઓ પર આધારિત છે. H2Ooooh યુનેસ્કો દ્વારા જુલાઈ 2021માં સ્વચ્છ ગંગા માટે રાષ્ટ્રીય મિશન (NMCE) અને અન્ય સાથે શરૂ કરવામાં આવ્યું હતું. તે વર્ગ 1થી 8ના ભારતીય શાળાના વિદ્યાર્થીઓ માટે રચાયેલ અનોખો પ્રોગ્રામ છે. તેનો ઉદ્દેશ્ય પાણીની મર્યાદિત ઉપલબ્ધતા ટકાઉ ઉપયોગ, સંરક્ષણ અને શોષણ વગેરે વિશે જાગૃતિ લાવવાનો છે. તે વિદ્યાર્થીઓને પર્યાવરણના રક્ષણ માટે તેમના પોતાના

➤ **GSAT-7B સેટેલાઈટ**

તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે GSAT-7B સેટેલાઈટ માટે મંજૂરી આપી છે. આ ઉપગ્રહ ભારતીય સેના માટે સમર્પિત ઉપગ્રહ હશે. આ સેટેલાઈટ ભારતીય સેનાને સરહદી વિસ્તારોમાં તેની દેખરેખ વધારવામાં મદદ કરશે. હાલમાં ભારત પાસે બે સમર્પિત લશ્કરી ઉપગ્રહો છે – GSAT-7 (રૂકમણી) અને GSAT-7A (એન્ગ્રી બર્ડ) છે જેનો ઉપયોગ અનુક્રમે ભારતીય નૌકાદળ અને વાયુસેના દ્વારા કરવામાં આવે છે. GSAT-7B મુખ્યત્વે આર્મીની સંચાર જરૂરિયાતોને પૂરી કરશે.

➤ **શ્રીનગર ટ્યૂલિપ ફેસ્ટિવલ**

એશિયાનો સૌથી મોટો ટ્યૂલિપ ગાર્ડન શ્રીનગરમાં આવેલો છે. આ બગીચામાં એક લાખથી વધુ ટ્યૂલિપ્સ છે. આ પાર્ક કાશ્મીરમાં એક મુખ્ય પ્રવાસી આકર્ષણ છે. છેલ્લા નવ મહિના બંધ રહ્યા બાદ આગામી શ્રીનગર ટ્યૂલિપ ફેસ્ટિવલને ધ્યાનમાં રાખીને તાજેતરમાં ગાર્ડનને ફરીથી ખોલવામાં આવ્યું છે. દર વર્ષે એપ્રિલ મહિનામાં જમ્મુ અને કાશ્મીર સરકાર ટ્યૂલિપ ફેસ્ટિવલનું આયોજન કરે છે જે કેન્દ્રશાસિત પ્રદેશની પ્રવાસી મોસમની શરૂઆત દર્શાવે છે. નોંધનીય છે કે ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્યૂલિપ ગાર્ડન ઝબરવન રેન્જની તળેટીમાં આવેલું છે.

## વિશ્વ

➤ **Hurun Global Rich List 2022**

તાજેતરમાં હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ 2022 બહાર પાડવામાં આવ્યું હતું. આ યાદી અનુસાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશભાઈ અંબાણીની નેટવર્થ 103 અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. આ યાદી અનુસાર શ્રી મુકેશભાઈ અંબાણી ભારત અને એશિયાના સૌથી અમીર વ્યક્તિ છે. આ યાદીમાં ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ શ્રી ગૌતમભાઈ અદાણી છે. તેની કુલ સંપત્તિ 81 અબજ ડોલર છે. શ્રી ગૌતમભાઈ અદાણી વિશ્વના 12મા સૌથી અમીર વ્યક્તિ છે. આ યાદી અનુસાર વિશ્વના 10 સૌથી ધનિક લોકો આ મુજબ છે : (1) શ્રી માર્ક ઝુકરબર્ગ (2) શ્રી જેફ બેઝોસ (3) શ્રી બર્નાડ આર્નોલ્ટ (4) શ્રી બિલ ગેટ્સ (5) શ્રી વોરેન બફેટ (6) શ્રી સર્ગેઈ બ્રિન (7) શ્રી લેરી પેજ (8) સ્ટીવ બાલ્મર (9) મુકેશ અંબાણી (10) બર્ટ્રાન્ડ પ્યુચ અને પરિવાર

➤ **કિંજલ મિસાઈલ (KINZHAL MISSILE) : રશિયા**

Kh-47m2 કિંજલ એ પરમાણુ ક્ષમતા ધરાવતી રશિયન હાઈપરસોનિક એરો–બેલિસ્ટિક એર–ટુ–સર્ફેસ મિસાઈલ છે. તે 2000 કિ.મી.ની રેન્જમાં મેક 10ની મહત્તમ ઝડપ સાથે લક્ષ્યોને નષ્ટ કરી શકે છે. તેને TU-22m3 બોમ્બર અથવા મિગ-31 K ઈન્ટરસેપ્ટરથી લોન્ચ કરી શકાય છે અને તે પરંપરાગત અને પરમાણુ હથિયારો બંને વહન કરી શકે છે. તે દક્ષિણ અને પશ્ચિમી લશ્કરી જિલ્લાઓમાં રશિયન એરફિલ્ડમાં તૈનાત છે. આ મિસાઈલને સૌપ્રથમ ડિસેમ્બર 2017માં તૈનાત કરવામાં આવી હતી. આ મિસાઈલ નાટોના યુદ્ધ જહાજોને નષ્ટ કરવા માટે બનાવવામાં આવી છે.

## ICE ? Questions

- ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં કોણે 'હેરિટેજ પોલિસી પોર્ટલ'નું લોકાર્પણ કર્યુ હતું ?
  – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
- શ્રી અમિતભાઈ શાહે.................ખાતે ગુજરાતની પ્રથમ ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજનું લોકાર્પણ કર્યુ છે. – અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ
- તાજેતરમાં **'Hurun Global Rich List 2022'** બહાર પાડવામાં આવ્યું છે. આ યાદી અનુસાર ભારત અને એશિયામાં સૌથી અમીર વ્યક્તિ કોણ છે ? – શ્રી મુકેશ અંબાણી
- તાજેતરમાં જાપાનના વડાપ્રધાન ભારતની મુલાકાતે આવ્યા હતા. તેમની જાહેરાત અનુસાર જાપાન ભારતમાં કેટલું રોકાણ કરશે ? – રૂ. 3.2 લાખ કરોડ
- **Kh-47M2** કિંજલ મિસાઈલ કયા દેશની છે ? – રશિયા
- 'બિહાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 22 માર્ચ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ 'એક્વામેપ' શું છે ? – જળ વ્યવસ્થાપન અને નીતિ કેન્દ્ર
- તાજેતરમાં રાજસ્થાનના ભરતપુર જિલ્લાના 'કેઓલા દેવ નેશનલ પાર્ક'માં બોમા ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ટેકનિક કયા દેશની છે ? – આફ્રિકા
- એશિયા કપ તીરંદાજીમાં બે ગોલ્ડ અને છ સિલ્વર મેડલ સાથે ભારત કયા ક્રમે છે ? બીજા
- તાજેતરમાં 'વિમેન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા એવોર્ડ્સ' દ્વારા કેટલી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું છે ?– 75
- નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા રૂફટોપ સોલાર પ્રોગ્રામનો કેટલામો તબક્કો લાગુ કરવામાં આવી રહ્યો છે ? – બીજો
- તાજેતરમાં કોણે 'બ્રિક્સ વેક્સિન આર એન્ડ ડી' સેન્ટર લોન્ચ કર્યુ છે ? – ડો. મનસુખ માંડવીયા
- તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે **GSAT-7B** સેટેલાઈટ માટે મંજૂરી આપી છે. આ ઉપગ્રહ...................માટે સમર્પિત ઉપગ્રહ હશે. – ભારતીય સેના માટે
- ..............સરકાર ટ્યૂલિપ ફેસ્ટિવલનું આયોજન કરે છે. – જમ્મુ કાશ્મીર

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'UPI Lite' ચુકવણી વ્યવહાર માટે ઉપલી મર્યાદા કેટલી છે ? – 200 રૂપિયા

(નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) 'UPI Lite' લોન્ચ કરવા જઈ રહ્યું છે. જે ઓફલાઈન મોડમાં નાના મૂલ્યોના વ્યવહારોને સક્ષમ કરશે. UPI Lite પેમેન્ટ ટ્રાન્ઝકેશન માટે ઉપલી મર્યાદા 200 રૂપિયા હશે. ઓન–ડિવાઈસ વોલેટ માટે UPI Lite બેલેન્સની કુલ મર્યાદા કોઈપણ સમયે રૂ. 2000 હશે.)

2. કઈ સંસ્થા સામાયિક લેબર ફોર્સ સર્વે (PLFS) જારી કરે છે ? – નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (NSO)

(NSO દ્વારા નવીનત્તમ સામયિક લેબર ફોર્સ સર્વે બહાર પાડવામાં આવ્યો છે. જે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળ કામ કરે છે. તાજેતરના આ સર્વે મુજબ ભારતનો શહેરી બેરોજગારી દર 2021ના એપ્રિલ–જૂન ક્વાર્ટરમાં વધીને 12.6 ટકા થયો હતો, જે જાન્યુઆરી–માર્ચ ક્વાર્ટરમાં 9.3 ટકા હતો.)

3. કયા દેશે 'Relativistic Klystron Amplifier' (RKA) વિકસાવ્યું છે, જે અવકાશમાં ઉપગ્રહોને નષ્ટ કરી શકે છે ? – ચીન

4. ભારતે કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થામાં બાયોલોજિકલ એન્ડ ટોક્સિન વેપન્સ કન્વેન્શન (BTWC)ની હિમાયત કરી છે ?

– સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)

(ભારતે UNSCમાં જૈવિક અને ઝેરી શસ્ત્રો સંમેલન (BTWC)ની હિમાયત કરી છે. ભારતે જાહેર કર્યુ છે કે તે BTWC સંમેલનને મુખ્ય બિન–ભેદભાવ વિનાના નિઃશસ્ત્રીકરણ સંમેલન તરીકે અત્યંત મહત્ત્વ આપે છે, જે સામૂહિક વિનાશના શસ્ત્રોની સંપૂર્ણ શ્રેણીને પ્રતિબિંબિત કરે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં ભારતની સૌથી લોહ અયસ્ક ઉત્પાદક 'નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન' (NMDC) લિમિટેડે ડ્રોન આધારિત ખનિજ સંશોધનના હેતુ માટે ..........સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.

– IIT ખડગપુર

6. અસહકાર બહુપક્ષીયવાદ પર યુએન સલાહકાર બોર્ડમાં કયા ભારતીયની નિમણૂક કરવામાં આવી છે ?

– જયતિ ઘોષ

7. રશિયા પર નિર્ભરતા ઘટાડવા માટે જર્મનીએ કયા ઉત્તર–પૂર્વીય દેશ સાથે ઊર્જા કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?

– કતાર

8. 'ગોલ્ડન લંગુર' એક લુપ્તપ્રાય પ્રજાતિ છે, જેનું મૂળ નિવાસ કયા દેશનું છે ? – ભારત અને ભૂટાન

9. સુશ્રી મિતાલીરાજ અને સુશ્રી હરમનપ્રીત કૌર બાદ ભારતના કયા મહિલા ક્રિકેટરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પોતાના 5000 રન પુરા કર્યા છે ? – સુશ્રી સ્મૃતિ મંધાના

10. તાજેતરમાં કયા દેશમાં 132 પ્રવાસી સાથેનું એક વિમાન આકાશમાં જ સળગીને તૂટી પડયું હતું ? – ચીન

11. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં એક ફૂટબોલ મેચ દરમિયાન ઓડિયન્સ ગેલેરી તૂટી પડતા 200 લોકો ઘાયલ થયા હતા ? – કેરળ

12. 'સક્ષમ' (Saksham) જે તાજેતરમાં સમાચારોમાં હતું, તે કયા સશસ્ત્ર દળનું અપતટીય પેટ્રોલિંગ જહાજ (Offshore Patrol Vessel) છે ? – ભારતીય કોસ્ટ ગાર્ડ

13. કયો સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) 2030 સુધીમાં બધા માટે સલામત પાણી અને સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માંગે છે ? – 6

14. તાજેતરમાં ભારતના કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં ગલ્ફ બિઝનેસ સમિટનું આયોજન થયું હતું ? – જમ્મુ કાશ્મીર

(તાજેતરમાં હોંગકોંગ, UAE અને સાઉદી અરેબિયાની 33 કંપનીઓના પ્રતિનિધિઓ જમ્મુ કાશ્મીરમાં રોકાણ માટે વધતી સ્થિતિનું મૂલ્યાંકન કરવા શ્રીનગર પહોંચ્યા હતા. અને જમ્મુ કાશ્મીરમાં વિવિધ ક્ષેત્રોમાં રોકાણની તકો શોધવાની ચર્ચા કરવા માટે ગલ્ફ બિઝનેસ સમિટમાં પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.)

15. તાજેતરમાં કયા દિવસે આસામ રાઈફલ્સનો 187મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો ? – 24 માર્ચ

16. તાજેતરમાં કઈ સ્પેસ એજન્સીએ પૃથ્વીના સૌરમંડળની બહાર 65 નવા ગ્રહોની શોધ કરી છે ? – NASA

17. 'સ્ટેપ–અપ ટુ એન્ડ ટીબી–વર્લ્ડ ટીબી ડે સમિટ 2022'નું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

18. આયુષ મંત્રાલયે વિશ્વની પ્રથમ મલ્ટિસેન્ટર ફેઝ III ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે જે......ની સારવારમાં આયુર્વેદની અસરકારકતાનું મૂલ્યાંકન કરશે. – સંધિવા

19. 'ગુલામીના ભોગ બનેલા લોકોની યાદનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 25 માર્ચ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**20.** **2022માં BIMSTEC સમિટનો યજમાન કયો દેશ છે ?** – શ્રીલંકા

(આ સમિટ દરમિયાન BIMSTEC ચાર્ટર અને BIMSTEC માસ્ટર પ્લાન પર ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી પર હસ્તાક્ષર કરવાનો પ્રસ્તાવ છે.)

**21.** **તાજેતરમાં RBIના ગવર્નર દ્વારા બેંગ્લોરમાં RBIHનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તેનું પૂરું નામ જણાવો ?** – રિઝર્વ બેંક ઈનોવેશન હબ

**22.** **ઓસ્ટ્રેલિયાના કયા ખેલાડી ટેસ્ટમાં સૌથી ઝડપી 8000 રન પુરા કરનાર ખેલાડી બની ગયા છે ?** – સ્ટીવ સ્મિથ

**23.** **તાજેતરમાં કયા દેશે હવાસોંગ-17 (Hwasong-17) નામની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ (ICBM)નું પરીક્ષણ કર્યુ હતું ?** – ઉત્તરકોરિયા


**24.** **ઈન્ડિયા ટી.બી. રિપોર્ટ 2022 અનુસાર ભારતમાં ક્ષય રોગ (ટીબી)ના કેસોમાં કેટલા ટકાનો વધારો થયો છે ?** – 19%

**25.** **'ભારત ભાગ્ય વિધાતા' ઉત્સવ કયા સ્થળે યોજાશે ?** – નવી દિલ્હી

**26.** **'Governor of the year' એવોર્ડ જીતનાર મારિયો માર્સેલ કયા દેશની સેન્ટ્રલ બેંકના ગવર્નર છે ?** – ચિલી

**27.** **કર્ણાટકમાં મેંગ્લુરુ કમ્બલાનું આયોજન કરવામાં આવશે તે શું છે ?** – આખલાની રેસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT